સુવિચાર
ઘમંડની સૌથી મોટી ખામી એ હોય છે કે એ ક્યારેય આપણને આપણે ખોટા છીએ એવું મહેસુસ જ નથી થવા દેતો !
:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૦૧/૦૮/૨૦૨૫, શુક્રવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

SINCE 1999
હરિૐ
PENDAWALA
શ્રાવણ માસ નિમિતે
રાજગરા ફરાળી ચેવડો / ફુલવડી
નવુ એસ.ટી.બસ સ્ટેન્ડ કોમ્પ્લેક્ષ, દુકાન નં.૯,અમરેલી,મો.89999 90099

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યું. : વિક્રમ સંવત ૨૦૮૧ શ્રાવણ સુદ-૮ વર્ષ : ૧૬ અંક : ૧૯૮

## જિલ્લા કોંગી પ્રમુખ પ્રતાપ દુધાતની આગેવાનીમાં પાલિકામાં હલ્લાબોલ

# સાવરકુંડલામાં અપુરતી સુવિધા અને વેરા વધારા સામે રોષની આંધી

- ગરીબ અને મધ્યમવર્ગ કારમી મોંઘવારીનો સામનો કરતો હોય ૧૮ ટકાનો વેરો વધારો અસહ્ય બન્યો
- શહેરમાં સફાઈ, પાણી, ગટર, શિક્ષણની સુવિધામાં કોઈ વધારો થતો નથી
- કોંગીજનોએ પાલિકાનાં વહીવટમાં વ્યાપક ભ્રષ્ટાચાર થતો હોવાનો પણ કર્યો આક્ષેપ
- ભૂગર્ભ ગટર, માર્ગ બનાવવા સહિતની કામગીરીમાં થતી કમિશનબાજી બંધ કરાવવા માંગ








સાવરકુંડલા, તા. ૩૧

સાવરકુંડલા શહેરી વિસ્તારમાં નગરપાલિકા દ્વારા છેલ્લા ઘણા સમયથી વિવિધ આવશ્યક સુવિધાથી આમજનતા ત્રસ્ત છે. અવાર નવાર આમ જનતા દ્વારા તેમના વિસ્તારોનાં પ્રાણપ્રશ્નો હોય પરંતુ નગરપાલિકા દ્વારા આ આવશ્યક સુવિધાથી વંચિત હોય જે અંગે સાવરકુંડલા કોંગ્રેસ દ્વારા તેમનો વિરોધ કરી સુત્રોસાર સાથે કોંગ્રેસ કાર્યાલયથી નગરપાલિકા સુધી પગપાળાથી ગયેલ હતા અને આ તમામ મુદ્દાઓને લઈને વહેલી તકે યોગ્ય કરવા માટે આવેદનપત્ર પાઠવામાં આવેલ. જેમાં પ્રતાપ દુધાત પ્રમુખ અમરેલી જિલ્લા કોંગ્રેસ હાજર રહ્યા હતા અને શહેર કોંગ્રેસ પ્રમુખ વિજયભાઈ ડોડીયા, શહેર કોંગ્રેસ કાર્યકારી પ્રમુખ હસુભાઈ સુચક, મહેશભાઈ જયાણી, હાર્દિકભાઈ કાનાણી, હસુભાઈ બગડા, કિરીટભાઈ દવે, હિતેશભાઈ સરૈયા, ભરતભાઈ માનસેતા, રમેશભાઈ જયાણી, વિપુલભાઈ ઉનાવા, ભાવેશભાઈ બગડા, અશોકભાઈ ખુમાણ, ભુપતભાઈ ચુડાસમા, જીગ્નેશભાઈ ભરાડ, પરિક્ષિતભાઈ શિયાળ, સાહીલભાઈ શેખ, ઈમરાનભાઈ સમા, રૂસ્તમભાઈ સમા, કનુભાઈ પરમાર તેમજ સાવરકુંડલા શહેર કોંગ્રેસ પરિવારનાં યુવા કાર્યકર્તા મિત્રો હાજર રહ્યા હતા. લોકોને પડતી મુશ્કેલીઓ, વધારાનાં વ્યાજ, રોડ

અનુસંધાન પાના ૬ ઉપર

### એડવોકેટ હિતેષ એમ. મીઠાપરાની દલીલો સફળ

## બાબરા : ચેક રીટર્ન કેસમાં સુત્રાપાડા ખાતે રહેતા આરોપીને ૧ વર્ષની સાદી કેદ

**આરોપીને ફરિયાદીને ચેકની બમણી રકમ ચુકવવા આદેશ**



બાબરા, તા. ૩૧

બાબરા કોર્ટમાં ચાલતો ફોજદારી કેસ નેગોશીએબલ ઈન્સ્ટુમેન્ટ એક્ટની કલમ ૧૩૮ના કેસમાં આરોપી જગદીશભાઈ લખમણભાઈ બાંભણીયા રે. સુત્રાપાડા, જી. જુનાગઢ ને એક વર્ષની સાદી કેદની સજાનો હુકમ તથા ફરિયાદીને વળતર પેટે ચેકની બમણી રકમ રૂા. ૧,૦૭,૧૦૦ ચુકવી આપવા હુકમ કરવામાં આવેલ છે.

ફરિયાદી અરવિંદભાઈ રણછોડભાઈ કાછેલા રે, બાબરા ભંગારનો ડેલો ચલાવતા હોય અને આરોપીએ ફરિયાદી પાસેથી માલ ખરીદેલ હોય અને ફરિયાદીને રૂા. ૫૩,૫૫૦/– ચુકવવાના થતા હોય જે થોડા દિવસમાં ચુકવી આપવાનું જણાવતા ફરિયાદીએ આરોપી પર વિશ્વાસ રાખેલ અને ત્યારબાદ ફરિયાદીએ આરોપી પાસે સદર રકમની ઉઘરાણી કરતા આરોપીએ ફરિયાદીના ભંગારના ડેલે આવીને ફરિયાદીને ચેક આપેલ જે ચેક ફરિયાદીએ વટાવતા તે ચેક બાઉન્સ થયેલ જે લેણા અંગે ફરિયાદીએ બાબરા કોર્ટમાં નેગોશીએબલ ઈન્સ્ટુમેન્ટ એક્ટની કલમ ૧૩૮નો ફોજદારી કેસ નં. ૧૫૬/૨૪ કેસ ચાલી જતા આરોપીને બાબરા કોર્ટ ધ્વારા સજાનો હુકમ કરેલ છે. ફરિયાદી તર્ફે બાબરાના એડવોકેટ હિતેષ એમ. મીઠાપરા રોકાયેલ હતા.

### એક ઈસમની અટકાયત

## ધારીનાં હીમખીમડીપરામાં વરલી મટકાનો જુગાર ઝડપાયો

**પોલીસે ૧૯,૧૫૦નો મુદ્દામાલ કબ્જે કર્યો**

અમરેલી, તા. ૩૧

ધારીના હીમખીમડીપરામાં રહેતા આરોપી રમેશ વલ્લભભાઈ સાતલીયાએ તા. ૩૦/૭/૨૫ના રોજ સવારે ૧૧:૧૫થી ૧૧:૪૫ વાગ્યા દરમિયાન જાહેરમાં વરલી મટકાના આંકડા લખી વરલી મટકાનો જુગાર રમાડતો હોય. પોલીસે રેઈડ કરી આરોપી પાસેથી વરલી મટકાના જુદા જુદા આંકડાઓ લખેલ કાગળની કાપલી નંગ–૩ તથા બોલપેન નંગ–૧ તથા રોકડા રૂપિયા ૨૫૫૦ તથા મોબાઈલ ફોન નંગ–૧ કિંમત રૂપિયા ૧૦,૦૦૦ મળી કુલ રૂપિયા ૧૨,૫૫૦ના મુદ્દામાલ સાથે તેમને ઝડપી પાડેલ હતો.

જયારે તેજ વિસ્તારમાં રહેતો આરોપી રમેશભાઈ મધુભાઈ ઈટોલીયા પાસેથી આંકડાઓ લખેલ કાગળની કાપલી નંગ–૧ તથા રોકડા રૂપિયા ૧૬૦૦ તથા મોબાઈલ ફોન નંગ–૧ કિંમત રૂપિયા ૫,૦૦૦ મળી રૂપિયા ૬૬૦૦ના મુદ્દામાલ સાથે બંને આરોપીઓને કુલ રૂપિયા ૧૯,૧૫૦ના મુદ્દામાલ સાથે ઝડપી લઈ ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

### અમરેલી સેશન્સ કોર્ટમાં કેસ ચાલી જતા

## દામનગરમાં ૧ વર્ષ પહેલા મહિલાને માર મારનાર આરોપીને ૧૨ વર્ષની સજા

**સરકારે વકીલ જે.બી. રાજગોરની દલીલો સફળ**



અમરેલી, તા. ૩૧

લાઠી તાલુકાનાં દામનગર ગામે રહેતી એક પરિણીતા ગત તા.૨/૮/૨૦૨૪ના રોજ વહેલી સવારના આશરે છ વાગ્યાના સુમારે દામનગર ટાઉન મુકામે નળનું પાણી ભરતા હોય, તે દરમ્યાન પરિણીતાની એકલતાનો લાભ લઈ તે જ ગામે રહેતા આરોપી અશોકભાઈ ભુપતભાઈ બુધેલીયાએ પરિણીતા સામે અસ્લીલ ઈશારા કરી, હાથ પકડી, ગુન્હાહીત બળ વાપરી, જાતીય સતામણી કરી તથા તેણીને જાહેર બજારમાં ખરાબ ગાળો આપી, શરીરે ઢીકાપાટુનો માર મારી મુંઢ ઈજા કરી, તથા અન્ય મહિલાને વાળ પકડીને જમીન ઉપર પછાડીને ઢસડી પેટમાં પાટાઓ મારી મુંઢ ઈજાઓ કરી તથા લાકડી વડે પીઠનાં ભાગે બે–ત્રણ ઘા મારી મુંઢ ઈજા કરી જાનથી મારી નાખવાની ધમકી આપેલ હોવા અંગેની જે તે સમયે આરોપી વિરૂધ્ધ દામનગર પોલીસ સ્ટેશનમાં ભારતીય ન્યાય સંહિતાની કલમ–૧૧૫(૨), ૩૫૨, ૩૫૧(૩), ૨૯૬(બી), ૭૪,૭૫(૨) તથા ૭૯ મુજબનો ગુનો નોંધાયેલ હતો.

આ અંગેનો કેસ અત્રેની સેશન્સ કોર્ટમાં ચાલી જતા સરકારી વકીલ જે.બી. રાજગોરની ધારદાર દલીલ તથા રજુ કરેલ પુરાવાનાં આધારે અમરેલીનાં સેશન્સ જજ રીઝવાના બુખારી દ્વારા આરોપી અશોકભાઈ ભુપતભાઈ બુધેલીયાને અલગ કલમ નીચે કસુરવાર ઠરાવી ૧૨ વર્ષ અને ૩ માસની સખ્ત કેદ તથા રૂપિયા ૧૬૫૦૦ ના દંડની સજાનો હુકમ કર્યો હતો.

### શ્રુતી અગ્રવાલ નામની મહિલા વિરૂધ્ધ ફરિયાદ

## બાબરાનાં કોટડાપીઠાનાં વેપારી યુવક સાથે રૂપિયા ૮ લાખની છેતરપીંડી

**ક્રીપ્ટો કરન્સીમાં પ્રોફિટ કરાવી આપવાની લાલચ આપી**

અમરેલી, તા. ૩૧

શ્રુતી અગ્રવાલ નામની અજાણી મહિલા આરોપીએ વોટસેએપ નં. +૪૪ ૭૫૩૩૨૮૪૯૦૦ માંથી વોટસેપ ચેટ મારફતે બાબરા તાલુકાના કોટડાપીઠા ગામે રહેતા સાગર જગદીશભાઈ પરમાર નામના ૨૫ વર્ષિય વેપારી યુવક સાથે મિત્રતા કેળવી અને ક્રીપ્ટો કરન્સીમાં પ્રોફીટ કરાવી આપવાની લાલચ આપી આરોપી મહિલાએ ગત તા. ૨૧/૪/૨૫ થી તા. ૨૫/૭/૨૫ દરમ્યાન bitcoin-hn.com નામની ફેક વેબસાઈડમાં વેપારી યુવકનું એકાઉન્ટ ખોલાવી તેમાં પ્રથમ Deepak Timbers ના IDFC FIRST BANK ખાતા નંબર– ૧૦૨૩૦૦૧૯૫૭૨માં રૂપિયા ૨ લાખ

અનુસંધાન પાના ૬ ઉપર

અમરેલીના જુના માર્કેટયાર્ડમાં
દુકાન વેચવાની છે...
અમરેલીના જુના માર્કેટયાર્ડમાં 'કળશ મોલ' ની બાજુમાં આવેલ મોકાની દુકાન વેચવાની છે.
:: સંપર્ક કરો ::
મો. ૭૮૭૪૩ ૯૩૪૮૪

દુકાન ભાડે આપવાની છે
અમરેલીના ચિતલરોડ ઉપર રોયલ કોમ્પ્લેક્ષમાં અંડરગ્રાઉન્ડ દુકાન ૧૦ ફુટ પહોળાઈ ૨૦ ફુટ લંબાઈની દુકાન ભાડે આપવાની છે
: સંપર્ક :
૯૪૨૬૯ ૩૮૪૪૨

ક્રિષ્ના ડાઈનીંગ હોલ
અસલ કાઠીયાવાડી આહ્લાદક સ્વાદમાં...
ફુલ ગુજરાતી થાળી
પાર્સલ સુવિધા ઉપલબ્ધ
સ્પે. ચુરમાનાં લાડુ તેમજ ઉંધીયુ
અમારા ડાઈનીંગ હોલમાં સ્વચ્છતા તથા ચોખ્ખાઈની પુરી તકેદારી રાખવામાં આવે છે.
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી.
જયદીપ પટેલ : મો. ૯૮૭૯૯ ૯૪૦૦૧
: હેડ ઓફિસ :
ક્રિષ્ના કેટરર્સ
કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ પટેલ : મો. ૯૮૨૫૫ ૪૭૯૯૨

## જિલ્લાનાં નાગરિકો ટ્રેઈનરો દ્વારા સંચાલિત વર્ગમાં મેળવી રહ્યા છે યોગની તાલીમ

# અમરેલી જિલ્લામાં મેદસ્વિતા મુકત અભિયાનને વેગવંતુ બનાવાયું

**૧૦૦ કલાકની ઓનલાઈન તાલીમ દ્વારા યોગ ટ્રેઈનર બનવાની અનેરી તક**

**૧ ઓગસ્ટથી ૧૦ નવા યોગ વર્ગ શરૂ કરવાની તૈયારી**

**પ્રધાનમંત્રીનાં આહ્વાનનાં પગલે મુખ્યમંત્રીનાં નેતૃત્વમાં મેદસ્વિતા મુકત ગુજરાતનો પ્રારંભ**

**૫૦૦ જેટલા યોગ ટ્રેઈનરો–સાધકો અભિયાન વેગવંતુ બનાવી રહ્યા છે**

આલેખનઃ જય જે. મિશ્રા



અમરેલી, તા. ૩૧

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના આહ્વાનના પગલે રાજયસરકાર દ્વારા મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં ' સ્વસ્થ ગુજરાત મેદસ્વિતા મુકત ગુજરાત'નો પ્રારંભ થયો છે.

ગુજરાતરાજયયોગબોર્ડએ, મેદસ્વિતા મુકત અભિયાનને આગળ ધપાવવા માટે મહત્વનો ભાગ ભજવી રહ્યું છે. અમરેલી જિલ્લામાં મેદસ્વિતા મુકત જીવનશૈલી તેમજ સ્વાસ્થપ્રદ દિનચર્યા અપનાવી બહોળી સંખ્યામાં લોકો યોગ અભ્યાસ કરી રહ્યા છે. ગુજરાત રાજય યોગબોર્ડના ૫૦૦ ટ્રેઈનરો દ્વારા જિલ્લામાં નિઃશુલ્ક યોગ પ્રશિક્ષણ આપવામાં આવે છે. આ પ્રશિક્ષણ વર્ગમાં બહોળી સંખ્યામાં નાગરિકો જોડાઈ રહ્યા છે.

યોગ ટ્રેઈનરો દ્વારા અમરેલી જિલ્લામાં પ્રતિદિન દોઢ કલાક જેટલો યોગાભ્યાસ કરાવવામાં આવે છે. આ ઉપરાંત સ્વસ્થ આહાર શૈલીની હિમાયત કરવામાં આવે છે અને ડાયેટ પ્લાન પણ આપવામાં આવે છે.

આ અંગે ગુજરાત રાજય યોગબોર્ડ અમરેલી જિલ્લા કો–ઓર્ડિનેટર સાગર મહેતાએ જણાવ્યુ કે, હાલ અમરેલી જિલ્લામાં ૩૧ નિઃશુલ્ક યોગ વર્ગ સંચાલિત છે. સ્વસ્થ ગુજરાત મેદસ્વિતા મુકત ગુજરાત અભિયાનને વ્યાપક બનાવવા અને વધુમાં વધુ નાગરિકોને યોગ પ્રશિક્ષણનો લાભ મળે તેવા હેતુથી ૧૦ નવા વર્ગ શરૂ કરવામાં આવશે. જિલ્લામાં ગુજરાત રાજય યોગ બોર્ડ અંતર્ગત ૫૦૦ યોગ ટ્રેઈનરો તૈયાર થયા છે જેમાના કેટલાક પ્રશિક્ષણ વર્ગ સાથે જોડાયેલા છે જયારે કેટલાક ટ્રેઈનરો યોગ સાધકો છે.

મહેતાએ ઉમેર્યુ કે, કોઈ પણ વ્યકિતને યોગમાં ઋચિ હોય અને તે ટ્રેઈનર બનવાની ઈચ્છા ધરાવતા હોય તો તેમના માટે ગુજરાત રાજય યોગબોર્ડની ૧૦૦ કલાકની ઓનલાઈન તાલીમ છે, તે મેળવવાની રહે છે.

આ તાલીમ બાદ પ્રેકિટકલ પરીક્ષા છે તે પાસ કરી અને સર્ટિફાઈડ યોગ ટ્રેઈનર બની શકાય છે. ટ્રેઈનર પોતાના વિસ્તારમાં પ્રશિક્ષણ વર્ગ શરૂ કરી શકે છે જેમાં ઓછામાં ઓછા ૨૦ યોગ સાધકોની સંખ્યા હોવી જોઈએ. આ વર્ગમાં એક ટ્રેઈનર મહત્તમ બે વર્ગ ચલાવી શકે છે અને તેના બદલામાં તેમને ગુજરાત રાજય યોગ બોર્ડ દ્વારા રૂા. ૩,૦૦૦ થી રૂા. ૬,૦૦૦ સુધી માનદ વેતન આપવામાં આવે છે.

મેદસ્વિતા મુકત ગુજરાત અભિયાનમાં યોગ પ્રશિક્ષણ વર્ગોનો મહત્વનો ફાળો છે. અમરેલી જિલ્લામાં આગામી દિવસોના આયોજન અંગે વધુ માહિતી આપતા મહેતા ઉમેરે છે કે, જિલ્લામાં આગામી સમયમાં નગરપાલિકા વિસ્તારમાં વોર્ડ દીઠ અને ગ્રામ્ય વિસ્તારમાં પંચાયત દીઠ એક વર્ગ એક યોગ વર્ગ શરૂ કરવાનું આયોજન છે. અમરેલી શહેરમાં સંચાલિત યોગ વર્ગની સંખ્યા હાલ ૨૦ છે જે વધારીને ૫૦થી વધુ કરવાનું આયોજન છે, તેથી વધુ સંખ્યામાં ટ્રેઈનરો તૈયાર કરવાનું પણ લક્ષ્ય છે.

અમરેલી જિલ્લાના નાગરિકો યોગ અભ્યાસ માટે મેદસ્વિતા મુકત જીવનશૈલી માટે ટ્રેઈનર અને યોગ સાધક બની આ અભિયાનમાં જોડાઈ શકે છે. નજીકના વિસ્તારમાં કાર્યરત યોગ કલાસની તેમજ ટ્રેઈનર કે કોચ વિશેની વિગતો અને માર્ગદર્શન માટે જિલ્લા યોગ કો–ઓર્ડિનેટર સાગર મહેતાના મોબાઈલ નં. ૯૦૩૩૩૧૬૮૪૧ પર સંપર્ક કરી શકાય છે.

આગામી દિવસોમાં અમરેલી જિલ્લામાં જનઆંદોલન દ્વારા યોગ થકી મેદસ્વિતા મુકત ગુજરાત અભિયાનના સંકલ્પને ચરિતાર્થ કરવા માટે રાજય યોગ બોર્ડ કટિબદ્ધ છે.

---

### પંચકુંડ ખાતે આવેલ શીતળા માતાજી મંદિરે

## બાબરા ખાતે આસ્થા અને ઉત્સાહભેર શીતળા સાતમની ઉજવણી કરાઈ

**મોટી સંખ્યામાં મહિલાઓ દ્વારા પૂજા–અર્ચન**

બાબરા, તા.૩૧

બાબરામાં શીતળા સાતમની ઉજવણી કરાઈ અહીં પંચકુંડ ખાતે આવેલ શ્રી શીતળા માતાજીના મંદિરે મોટી સંખ્યામાં મહિલાઓ દ્વારા માતાજીનું પુજન અર્ચન કરી પતિ અને સંતાનના નિરોગી દીર્ઘાયું માટે મંગલ કામના કરી.

પવિત્રણ શ્રાવણ માસમાં આવતી સુદ સાતમ શીતળા સાતમ તરીકે ઓળખાય છે અને મોટી સંખ્યામાં મહિલાઓ દ્વારા શીતળા માતાજીની સાતમ રહી માતાજીનું પૂજન અર્ચન કરી એક દિવસ ઠંડો ખોરાક આરોગી પતિ અને સંતાનના લાંબા નિરોગી આયુષ્ય માટે મંગળ કામના કરે છે.

અહીં બાબરામાં પંચકુંડ આવેલ શ્રી શીતળા માતાજીના મંદિરે સવારથી મોટી સંખ્યામાં મહિલાઓ આવે છે અને માતાજીને કૂલેરનો પ્રસાદ તેમજ નાગલા અર્પણ કરી માતાજીનું પૂજન અર્ચન કરે છે શીતળા સાતમમાં પતિ અને સંતાનના નિરોગી દીર્ઘાયુ માટે મહિલાઓ વ્રતની પૂર્ણ શ્રદ્ધા અને ભક્તિસભર ઉજવણી કરે છે.



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

---

## રાજુલાના સેવાભાવી પરેશ દેવેરાનો આજે જન્મદિવસ

રાજુલા, તા. ૩૧

સેવા પરમો ધર્મ. એજ તેમનું સૂત્ર રાજુલા શહેરના ૧૦૮ તરીકે ઓળખાતા એવા પરેશ દેવેરાનો આજે તારીખ ૧/૮/૨૦૨૫ના રોજ જન્મદિવસ હોય. ત્યારે તેમને અનેક શુભેચ્છાઓ મળી રહે છે. પરેશભાઈ દેવેરાએ સતત ૧૪ વર્ષ સુધી તેમણે ૧૦૮માં પોતાની વિશિષ્ટ સેવા આપેલ અને હાલ પણ તેઓ રાજુલા સરકારી હોસ્પિટલમાં પોતાની વિશેષ સેવા આપી રહ્યા છે. ત્યારે દર્દી દેવો ભવ એમનું મુખ્ય સૂત્ર છે. રાત હોય કે દિવસ શિયાળો હોય તે ચોમાસું પરંતુ અડધી રાત્રે પણ દર્દીને ઉપયોગી થવું તે જ તેનો અભિગમ ત્યારે આવા ૧૦૮ જેવા સેવાભાવી પરેશભાઈ દેવેરાનો આજે જન્મદિવસ હોય ત્યારે વધે તમારી નામના



એ જ અમારી શુભકામના સાથે શહેરના અગ્રણીઓ, વેપારી મિત્રો, કાર્યકરો, ડોકટરો સહિત તેમને તેમના મોબાઈલ નંબર ૯૫૭૪૬૯૬૧૦૮ જન્મદિવસની શુભેચ્છાઓ પાઠવી રહ્યા છે.

---

### ભાજપનાં પૂર્વ મહામંત્રી રાજેશ માંગરોળીયાની રજુઆત

## અમરેલીનાં વડી–ઠેબી નદી ઉપરનાં કામનાથ પુલની રેલિંગ ખોલવા માંગ

**જિલ્લા કલેકટરને પત્ર પાઠવવામાં આવ્યો**

અમરેલી, તા. ૩૧

અમરેલી શહેરનાં ભાજપનાં પૂર્વ મહામંત્રી રાજેશ માંગરોળીયાએ જિલ્લા કલેકટરને પત્ર પાઠવેલ છે.

પત્રમાં જણાવેલ છે કે, તાજેતરમાં ગંભીરા બ્રીજ તૂટવાની ઘટનાને લઈને રાજયમાં જર્જરિત બ્રીજના અવર–જવર માટે બંધ કરવામાં આવ્યા છે જે પૈકી જેસીંગપરા અમરેલી ખાતે વડી ઠેબી નદી ઉપર આવેલ કામનાથ પુલને જર્જરીત જાહેર કરીને તંત્ર દ્વારા અવર જવર માટે બંધ



કરવામાં આવેલ છે. જેના લીધે ચકકરગઢ રોડ ઉપર આવેલ શૈક્ષણિક સંકુલમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ તથા આ વિસ્તારમાં હીરા ઘસતા કારીગરો તથા આ વિસ્તારમાંથી શ્રાવણ માસ નિમિત્તે કામનાથ મંદિરે આવતા શ્રધ્ધાળુઓને અવર જવરમાં ખુબ જ મુશ્કેલી પડે છે. તો આ બ્રીજને ટુ વ્હીલર તથા સાઈકલ અવર જવર કરી શકે તેટલો ખોલવામાં આવે તો ઉપરોકત તમામ લોકોને ખુબ જ સરળતા થાય તેમ છે. તો તાત્કાલિક ધોરણે આ અંગે ઘટતું કરવા વિનંતી.

---

### આયોજન અર્થે બેઠક યોજાઈ

## ધારી : આગામી ૧૦ ઓગષ્ટનાં વિશ્વ સિંહ દિવસની કરાશે ઉજવણી

**વિદ્યાર્થીઓ સહિત સૌને જોડાવવા અનુરોધ**

ધારી, તા.૩૧

ધારી ખાતે આવેલ કેસરી સદનમાં ગીર (પૂર્વ) વન વિભાગ દ્વારા આગામી ૧૦ ઓગષ્ટ–૨૦૨૫ના રોજ વિશ્વ સિંહ દિવસની ઉજવણી કરવામાં આવનાર હોય તે માટેની તૈયારીના ભાગરૂપે ગીર (પૂર્વ) વનવિભાગ ધારીના નાયબ વન સંરક્ષક વિકાસ યાદવ (IFS) ના અધ્યક્ષ સ્થાને એક બેઠકનું આયોજન કરવામાં આવ્યું.



આ બેઠકમાં ધારી વન વિભાગ તથા અમરેલી સામાજિક વનીકરણ વિભાગનાં અધિકારીઓ તથા અમરેલી જિલ્લાનાં શિક્ષણ વિભાગનાં અધિકારીઓ DEO, DPEO, TPEO, BRC, SVS કન્વીનરો, તથા વિશ્વ સિંહ દિવસની ઉજવણી અન્વયે નિમાયેલ જિલ્લા તથા તાલુકા કો–ઓર્ડીનેટરઓ હાજર રહયા હતા.

આ બેઠકમાં વિશ્વ સિંહ દિવસની ઉજવણી થાય તે માટે તમામ અધિકારીઓએ પોતાનાં સૂચનો આપ્યા તથા વન વિભાગ અને શિક્ષણ વિભાગનાં કો–ઓર્ડિનેશનથી બહોળા પ્રમાણમાં વિદ્યાર્થીઓ તથા અન્ય લોકો વિશ્વ સિંહ દિવસની ઉજવણીમાં જોડાય તે માટેનું આયોજન કરવામાં આવ્યું.

આ પ્રસંગે ગીર પૂર્વ વન વિભાગના નાયબ વન સંરક્ષકએ જણાવ્યું કે, વન વિભાગનાં કર્મચારીઓ સિંહનાં સરંક્ષણ માટે દિવસ રાત કાર્યરત રહેલા છે. ત્યારે તેઓ દરેક દિવસને સિંહ દિવસ તરીકે ઉજવણી રહયા છે. વધુમાં તેઓએ વિશ્વ સિંહ દિવસને ગીરની દિવાળીના પ્રસંગ તરીકે ગણાવી તેની ભવ્ય ઉજવણી કરી લોકોનાં મન સુધી સિંહ સંવર્ધનનાં મૂલ્યને પહોંચાડવા આહવાન કર્યુ.

---

## પી.સી.પી.એન.ડી.ટી એક્ટ રજિસ્ટર્ડ હોસ્પિટલ, કિલનિક સહિતના સ્થળોએ સી.સી.ટી.વી. લગાવવા ફરજિયાત

અમરેલી, તા. ૩૧

પી.સી. પી.એન.ડી.ટી એક્ટ અન્વયે જિલ્લામાં રજિસ્ટર્ડ હોસ્પિટલ, ક્લિનિક, સંસ્થાઓએ સી.સી.ટી.વી લગાવવા ફરજિયાત છે. અધિક જિલ્લા મેજિસ્ટ્રેટએ, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા–૨૦૨૩ની કલમ–૧૬૩ હેઠળ જાહેરનામું પ્રસિદ્ધ કર્યુ છે.

રજિસ્ટર્ડ હોસ્પિટલ, ક્લીનિક, સંસ્થાઓ ખાતે બિનઅધિકૃત્ત લોકોની અવરજવર પર દેખરેખ માટે ૩૦ દિવસના ઓડિયો, વીડિયો રેકોર્ડિંગ બેકઅપ સાથેના સીસીટીવી કેમેરા ફરજિયાત લગાવવા.

રૂમમાં, નક્કી કરેલ અધિકૃત વ્યકિત, દર્દી સિવાયની બિનઅધિકૃત્ત વ્યકિત સોનોગ્રાફી માટે પ્રવેશી શકશે નહિ. દર્દીની સોનોગ્રાફી કરવામાં આવતી હોય ત્યાં સી.સી.ટી.વી. કેમેરા લગાવી શકાશે નહિ. નક્કી કરેલા સોનોગ્રાફી રૂમની અંદર દાખલ થતાં કે બહાર નીકળતી વ્યકિતઓનો ચહેરો આસાનીથી ઓળખી શકાય તે રીતે સોનોગ્રાફી રૂમમાં બહારના દરવાજાના ભાગે સી.સી.ટી.વી. કેમેરા લગાવવા.

સંબંધિત ડિસ્ટ્રિક્ટ, સબ ડિસ્ટ્રિક્ટ એપ્રોપ્રિએટ ઓથોરિટી દ્વારા જરૂર જણાયે રેકોર્ડિંગનું બેકઅપ માંગવામાં આવે ત્યારે ફરજિયાત આપવું. બેકઅપમાં ત્રુટિ જણાશે તો હોસ્પિટલ, ક્લિનિક, સંસ્થા વિરૂધ્ધ પી.સી.પી.એન.ડી.ટી. એક્ટ–૧૯૯૪ અન્વયે કાયદેસરની કાર્યવાહી થશે.

આ જાહેરનામું, સમગ્ર અમરેલી જિલ્લામાં તા. ૧૭ સપ્ટેમ્બર, ૨૦૨૫ સુધી અમલી રહેશે. હુકમના ભંગ બદલ ભારતીય દંડ સંહિતા–૨૦૨૩ની કલમ–૨૨૩ અન્વયે કાયદાકીય કાર્યવાહી થશે.

---

## કોટડાપીઠા–ઉંટવડ વચ્ચે આવેલ શીતળા માતાજીના મંદિરે શીતળા સાતમની ઉજવણી



તસ્વીર : ભરત મહેતા–કોટડાપીઠા

કોટડાપીઠા, તા. ૩૧

બાબરા તાલુકાનાં રાજકોટ–ભાવનગર ફોરટ્રેક રોડ પર કોટડાપીઠા–ઉંટવડ શીતળા માતાજીનાં મંદિર ખાતે આજે શીતળા માતાનાં મંદિર કોટડાપીઠા, ઉંટવડ તેમજ અન્ય ગ્રામ્ય પંથકનાં ભાઈઓ તેમજ બહેનો મોટી સંખ્યામાં શીતળા માતાજીને કુલર, ચુંદડી, શ્રીફળ ધરી માતાજીનાં દર્શન કરે છે.

શીતળા સાતમનાં દિવસે મંદિરનાં પટાંગણમાં ફુટ તેમજ ખાણીપીણીનાં તેમજ રાખડીના સ્ટોલ તેમજ નાના બાળકોના રમકડાના સ્ટોલ ઉભા રહે છે. તેમજ માતાજીની કુલર ધરી પ્રસાદ ગ્રહણ કરેલ છે.

## આમ આદમી પાર્ટી સ્થાનિક ચૂંટણીને લઈને તૈયારીમાં લાગી


# અમરેલી જિલ્લામાં આજે 'આપ' દ્વારા 'ગુજરાત જોડો' અભિયાન

### બાબરાનાં લોન કોટડા ખાતે બપોર બાદ ૪ કલાકે, કુંકાવાવ ખાતે સાંજે ૬ કલાકે ગુજરાત જોડો કાર્યક્રમ

### આગામી નાની-મોટી તમામ ચૂંટણીમાં વિસાવદરવાળી કરવા માટે સદસ્યતા અભિયાન શરૂ કરાયુ

### આજે બંને કાર્યક્રમમાં હજારો કાર્યકરો ''આપ''માં પ્રવેશ કરે તો નવાઈ નહી

### રાજુભાઈ સોલંકી, મનોજ સોરઠીયા, કાંતીલાલ સતાસિયા અને નિકુંજ સાવલિયા દ્વારા માર્ગદર્શન અપાશે











અમરેલી, તા. ૩૧

અમરેલી જિલ્લામાં આવતીકાલે બાબરા અને કુંકાવાવ પંથકમાં "આમ આદમી પાર્ટી" દ્વારા "ગુજરાત જોડો" અભિયાન અંતર્ગત સદસ્યતા અભિયાનનું આયોજન કરવામાં આવેલ છે.

બાબરાનાં લોન કોટડા ગામે બપોર બાદ ૪ કલાકે અને કુંકાવાવ ખાતે સાંજે ૬ કલાકે કાર્યક્રમ યોજાશે અને આ બંને કાર્યક્રમમાં ૪ થી ૫ હજાર યુવાનો સહિત સૌ કોઈ આમ આદમી પાર્ટીમાં પ્રવેશ કરે તો નવાઈ નહી રહે.

વિસાવદર–ભેંસાણ વિધાનસભા બેઠક ઉપર "આપ"નાં ઉમેદવાર ગોપાલ ઈટાલિયાનો ઐતિહાસિક વિજય થયા બાદ "આપ"નાં સર્વે સર્વા અરવિંદ કેજરીવાલનાં જુસ્સા અને ઉત્સાહમાં જબ્બરો વધારો થયો હોવાની સાથે પ્રદેશ અને જિલ્લાકક્ષાનાં "આપ"નાં આગેવાનો અને કાર્યકરો પણ ઉત્સાહિત બન્યા છે.

દરમિયાનમાં આગામી મહિનાઓમાં પાલિકા, પંચાયતોની ચૂંટણી આવી રહી હોય રાજયની જનતામાં સ્થાનિક સ્વરાજય સામે વિવિધ પ્રશ્ને નારાજગીનો માહોલ હોય, કોંગ્રેસ પક્ષ નિષ્ક્રીય હોય અને સ્થાનિક ચૂંટણી પહેલા "આપ" રાજયભરમાં સદસ્યતા અભિયાન ચલાવીને વધુને વધુ નાગરિકોને "આપ"માં જોડીને ફતેહ મેળવવા અને આગામી વિધાનસભાની ચૂંટણીનો પાયો મજબુત કરવા ઉત્સાહિત બની હોય જે અંતર્ગત ગુજરાત જોડો અભિયાન શરૂ કરાયું છે.

"આપ"નાં પ્રદેશ અગ્રણી રાજુભાઈ સોલંકી, મનોજ સોરઠીયા, જિલ્લા પ્રમુખ નિકુંજ સાવલિયા અને જિલ્લા અગ્રણી કાંતીલાલ સતાસિયા આવતીકાલનાં કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે.

## અમરેલી : બાલભવન સંગીત વર્ગના વિદ્યાર્થીઓનો તાલુકા કક્ષાના કલા મહાકુંભમાં ઉત્કૃષ્ઠ દેખાવ



અમરેલી, તા. ૩૧

ગત તા. ૨૭ જુલાઈનાં રોજ દિપક હાઈસ્કુલ ખાતે યોજાયેલ ' 'કલા મહાકુંભ'' સ્પર્ધામાં હળવું હાર્મોનિયમ વય જૂથ ૬ થી ૧૪માં યુગ ગોહિલા પ્રથમ ક્રમાંક તથા વય જૂન ૧૫ થી ૨૦ યશવી ગોહિલ પ્રથમ ક્રમાંક મેળવેલ છે.

લોકગીત/ભજન સ્પર્ધા વય જુથ ૧૫ થી ૨૦ જૂથમાં યશ વાઘેલા પ્રથમ ક્રમાંક તથા વય જુથ ૨૧ થી ૫૯માં ભરત રાઠોડ પ્રથમ ક્રમાંક મેળવેલ છે.

લગ્નગીત સ્પર્ધા વય જુથ ૨૧ થી ૫૯ મિતલબેન પંડયા પ્રથમ ક્રમાંક તેમજ શાસ્ત્રીય તબલા વાદન વય જુથ ૧૫ થી ૨૦ ધ્રુવ ચૌહાણ પ્રથમ ક્રમાંક, સુગમ સંગીત વય જુથ ૨૧ થી ૫૯ ઉર્મિલાબેન ગોહિલ દ્વિતીય ક્રમાંક મેળવેલ છે.

હળવું હાર્મોનિયમ વય જૂથ ૬ થી ૧૪ સ્વરા સંઘવી દ્વિતીય ક્રમાંક પ્રાપ્ત કરીને ગીરધરભાઈ સંગ્રહાલય તેમજ બાલભવન અમરેલીનું નામ ઉજ્જવળ કરેલ છે. તમામ સ્પર્ધાઓમાં સહાયત તરીકે સેવા આપનાર ટીમ લીડર દેવમ દવે, તબલાં આર્ટિસ્ટ આદિત્ય ટાંક, કાવ્ય સોલાર અને હાર્દિક પરમારને ગીરધરભાઈ સંગ્રહાલય તથા બાલભવન અમરેલી તેમજ જિલ્લા લોક વિજ્ઞાન કેન્દ્ર તરફથી હાર્દિક અભિનંદન પાઠવવામાં આવેલ છે.

## અમરેલી જિલ્લામાં શ્રેષ્ઠ કામગીરી કરનાર પોલીસ કર્મીઓનું કરાયુ સન્માન



રાજુલા, તા. ૩૧

રાજુલા પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા એ.એસ.આઈ. મહેશભાઈ મહેરા, હેડ કોન્સ. લીલેશભાઈ બાબરીયા (જાફરાબાદ) પો.કોન્સ. યુવરાજસિંહ વાળા, મહેશભાઈ બારૈયા અને ભરતભાઈ વાળા (ખાંભા)ને ડીજીપી વિકાસ સહાયતા હસ્તે સારી કામગીરી બદલ પ્રશંસાપત્ર આપી સન્માનીત કરવામાં આવ્યા હતા.


ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ

નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.

ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...

જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.

વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.

શ્રીનાથજી કોમ્પ્યુટર્સ | ૪૦, પહેલા માળે, ફિરદબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી | ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪



જય માં ગાત્રાડ આઈ એસ્ટેટ બ્રોકર

અમરેલીના કોઈપણ વિસ્તારમાં પ્લોટ-મકાન-દુકાન કે ઓફિસ ભાડે દેવા કે લેવા ખરીદવા કે વેચવા માટે મળો...

અનિલસિંહ જનવાર : Mo.9426831241








ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ

મેડીકલેઇમ લેતી વખતે જો તમોને

(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ

જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફક્ત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.

કેશલેશની સગવડ

સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ

જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.

અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦



લોકલ ફોર વોકલ || જય પરશુરામ || સુવિધા સાથે વિવિધતા

મહાજન રીયલ એસ્ટેટ

MAHAJAN REAL ESTATE

ઉપલબ્ધ સુવિધાઓ

મિલ્કત લે - વેચ

- મિલ્કતની ઈન્ડેકસ
- મિલ્કત PR કાર્ડ ડાઉનલોડ
- મિલ્કતનો ઈ-સર્વે (ડ્રોન)
- મિલ્કતનો ઈ-સર્વે (DGPS)
- મિલ્કતનું રિનોવેશન
- રિ-ડેવલોપમેન્ટ
- નવી મિલ્કતનું ડેવલોપમેન્ટ
- મિલ્કતના સ્કેચ - ઓટોકેડ
- મિલ્કતનો ભાડા કરાર
- મિલ્કત ઉપર લોન - મોર્ગેજ
- મિલ્કતનું ઈ-માર્કેટીંગ
- મિલ્કતનું જીઓ-ટેગીંગ

નવલ મકવાણા

રેરા એપ્રુવ્ડ રીયલ એસ્ટેટ એજન્ટ

95 86 86 2345

ગ્રાઉન્ડ ફ્લોર, વ્હાઈટ હાઉસ, એસ.ટી. બસ સ્ટેન્ડ સામે, સ્ટેશન રોડ, અમરેલી - ૩૬૫૬૦૧. (ગુજરાત)























શ્રવણ કાન-નાક ગળાની હોસ્પિટલ

ડો.કૃતિકા હિતેશ શાહ

: ઉપલબ્ધ સારવાર :

- કાનમાંથી નિકળતી રસી, ફુગ, મેલ માટે નિદાન અને સારવાર
- કાનના પડદાના કાણા તથા સડાનું આધુનિક સાધનો દ્વારા ઓપરેશન
- કાનની બુદ્ધનું ઓપરેશન
- એલર્જી, ચક્કર, સાયનસનું નિદાન અને સારવાર
- સ્વર પેટીનાં મસા, ચાંદી વગેરેનું નિદાન અને સારવાર
- એન્ડોસ્કોપિક સર્જરી, માઈક્રો ઈઅર સર્જરી
- $CO_2$ લેસર સર્જરી
- થાઈરોઈડ, લાળગ્રંથીના ઓપરેશન

સમય : સવારે ૧૦ થી ૧, સાંજે ૫ થી ૭:૩૦

સ્થળ : ભીડભંજન મંદિર પાસે, લીલીયા રોડ, અમરેલી ફોન નં. (૦૨૭૯૨) ૨૨૨૪૫૭





### માલેગાંવ બ્લાસ્ટ કેસમાં મોટો ચુકાદો

# સાધ્વી પ્રજ્ઞા-કર્નલ પુરોહિત સહિત તમામ આરોપી નિર્દોષ જાહેર

## આ વિસ્ફોટ ૨૯ સપ્ટેમ્બર ૨૦૦૮ના રોજ માલેગાંવમાં થયો હતો, જેમાં ૬ લોકોએ જીવ ગુમાવ્યા હતા અને ૧૦૦ થી વધુ લોકો ઘાયલ થયા હતા

મુંબઈ, તા.૩૧

મહારાષ્ટ્રમાં ૨૦૦૮માં થયેલા માલેગાંવ બ્લાસ્ટ કેસનો ચૂકાદો ૧૭ વર્ષ પછી આજે આવ્યો છે. આજે આવેલા NIA કોર્ટના ચૂકાદામાં માલેગાંવ બ્લાસ્ટ કેસમાં સાધ્વી પ્રજ્ઞા સિંહ સહિત તમામ આરોપીઓને નિર્દોષ જાહેર કર્યા છે. તમામ આરોપીઓનો છૂટકારો થયો છે. આ બહુચર્ચિત કેસની સુનાવણી કરી રહેલી NIAની ખાસ કોર્ટ આજે ચૂકાદો સંભળાવવામાં આવ્યો હતો. આ કેસમાં પૂર્વ સાંસદ સાધ્વી પ્રજ્ઞા ઠાકુર અને આર્મી કર્નલ પ્રસાદ પુરોહિત સહિત ૧૨ લોકો આરોપી છે. આ વિસ્ફોટ ૨૯ સપ્ટેમ્બર ૨૦૦૮ના રોજ માલેગાંવમાં થયો હતો, જેમાં ૬ લોકોએ જીવ ગુમાવ્યા હતા અને ૧૦૦ થી વધુ લોકો ઘાયલ થયા હતા.ન્યાયાધીશે કહ્યું કે સાધ્વી ચોક્કસપણે બાઈકની માલિક છે, પરંતુ બાઈક તેના કબજામાં હોવાનો કોઈ પુરાવો નથી. ATS અને NIA ની ચાર્જશીટમાં ઘણો તફાવત છે. ફરિયાદ પક્ષ એ સાબિત કરવામાં નિષ્ફળ ગયો છે કે બોમ્બ મોટરસાઈકલમાં હતો. પ્રસાદ પુરોહિત સામે એવો કોઈ પુરાવો નથી કે તેણે બોમ્બ બનાવ્યો અને સપ્લાય કર્યો, બોમ્બ કોણે મૂક્યો તે સાબિત થઈ શક્યું નથી. NIA કોર્ટે માલેગાંવ વિસ્ફોટના પીડિતોના પરિવારજનોને ૨ લાખ રૂપિયા અને ઘાયલોને ૫૦,૦૦૦ રૂપિયા આપવાનો આદેશ આપ્યો છે. કોર્ટે કહ્યું કે હું બધા આરોપીઓને શંકાનો લાભ આપી રહ્યો છું. આ સાથે, ANI સ્પેશિયલ કોર્ટે સાધ્વી પ્રજ્ઞા સહિત તમામ આરોપીઓને નિર્દોષ જાહેર કર્યા. કોર્ટે કહ્યું કે અભિનવ ભારતનું નામ વારંવાર ઉલ્લેખવામાં આવે છે. પ્રસાદ પુરોહિત ટ્રસ્ટી હતા. અજય રાહિરકર ખજાનચી હતા. બંનેના ખાતામાં પૈસાની લેવડદેવડના પુરાવા છે, પરંતુ આ પૈસાનો ઉપયોગ આતંકવાદી પ્રવૃત્તિઓ માટે થયો ન હતો. પુરોહિતે આ પૈસા બાંધકામના કામ માટે વાપર્યા હતા. કોર્ટે કહ્યું કે ઘટના પછી નિષ્ણાતો દ્વારા પુરાવા એકત્રિત કરવામાં આવ્યા ન હતા. પુરાવા દૂષિત થયા છે. ઘટના પછી, સ્થળ પર રમખાણો જેવી સ્થિતિ સર્જાઈ ગઈ હતી અને સ્થાનિક લોકોએ પોલીસ દળ પર હુમલો કર્યો હતો. કોર્ટે સેના અધિકારી કર્નલ પ્રસાદ પુરોહિત સામે ચાર્જશીટ દાખલ કરતા પહેલા લેવામાં આવેલી મંજૂરી પર પ્રશ્ન ઉઠાવ્યો છે.તપાસ એજન્સીઓના મતે, આરોપીઓ પર હિન્દુત્વ પ્રેરિત સંગઠનો દ્વારા સુનિયોજિત કાવતરાના ભાગ રૂપે વિસ્ફોટ કરવાનો આરોપ છે. સાધ્વી પ્રજ્ઞા ઉપરાંત, કર્નલ પુરોહિત, મેજર રમેશ ઉપાધ્યાય, અજય રાહિરકર, સમીર કુલકર્ણી, સ્વામી દયાનંદ પાંડે અને સુધાકર ચતુર્વેદી જેવા નામોનો સમાવેશ થાય છે.

આ કેસમાં કુલ ૩૨૩ સાક્ષીઓના નિવેદનો નોંધાયા હતા, જેમાંથી ૩૨ સાક્ષીઓએ પાછળથી પોતાના નિવેદનો બદલ્યા હતા. NIA એ કોર્ટને આરોપીઓને કોઈ છૂટ ન આપવા વિનંતી કરી છે. જોકે, એજન્સીએ અગાઉ એમ પણ કહ્યું હતું કે બધા આરોપીઓ સામે નક્કર પુરાવા મળ્યા નથી. કોર્ટે કહ્યું કે ઘટના પછી નિષ્ણાતો દ્વારા પુરાવા એકત્રિત કરવામાં આવ્યા ન હતા. પુરાવા દૂષિત થયા છે. ઘટના પછી, સ્થળ પર રમખાણો જેવી સ્થિતિ સર્જાઈ હતી. સ્થાનિક લોકોએ પોલીસ દળ પર હુમલો કર્યો. કોર્ટે સેના અધિકારી કર્નલ પ્રસાદ પુરોહિત સામે ચાર્જશીટ દાખલ કરતા પહેલા લેવામાં આવેલી મંજૂરી પર સવાલ ઉઠાવ્યા છે.

જજે ચુકાદામાં શું કહ્યું?

ATS અને NIA ની ચાર્જશીટમાં ઘણો તફાવત છે.

ફરિયાદ પક્ષ એ સાબિત કરવામાં નિષ્ફળ ગયો છે કે બોમ્બ મોટરસાઈકલમાં હતો.

પ્રસાદ પુરોહિત સામે એવો કોઈ પુરાવો નથી કે તેણે બોમ્બ બનાવ્યો અને સપ્લાય કર્યો. બોમ્બ કોણે મૂક્યો તે સાબિત થઈ શક્યું નથી.

ઘટના પછી નિષ્ણાતો દ્વારા પુરાવા એકત્રિત કરવામાં આવ્યા ન હતા. પુરાવા દૂષિત થયા છે.

ઘટના પછી, સ્થળ પર રમખાણો જેવી સ્થિતિ સર્જાઈ હતી અને સ્થાનિક લોકોએ પોલીસ દળ પર હુમલો કર્યો હતો.

તપાસ એજન્સીઓ એ સાબિત કરવામાં નિષ્ફળ ગઈ છે કે બાઈક સાધ્વીની છે.

તપાસ એજન્સીઓ દાવો કરે છે કે બાઈક સાધ્વીની છે પરંતુ ફરિયાદ પક્ષ બાઈકનો ચેસિસ નંબર શોધવામાં નિષ્ફળ ગયો છે.

### બિલ્ડરો-બેન્ક અધિકારીઓની સાંઠગાંઠનો ભાંડો ફૂટયો

# દિલ્હીમાં બિલ્ડરોના સંકુલોમાં સીબીઆઈના ૪૭ દરોડા

## સીબીઆઈ દ્વારા દિલ્હી, ગુરુગ્રામ, નોએડા, ગ્રેટર નોએડા, ગાઝિયાબાદ વગેરે સ્થળોએ દરોડા પાડવામાં આવ્યા છે

નવી દિલ્હી, તા.૩૧

દિલ્હી-એનસીઆરમાં હજારો ફ્લેટ ખરીદદારો સાથે છેતરપિંડી કરનારા બિલ્ડરો પર સીબીઆઈ ત્રાટકી છે. સીબીઆઈએ જણાવ્યું હતું કે તેણે વિવિધ બિલ્ડરો અને નાણા સંસ્તાઓના અજાણ્યા અધિકારીઓ સામે કેસ નોંધ્યો છે. સીબીઆઈએ ઉમેર્યું હતું કે સુપ્રીમ કોર્ટ તરફથી આપવામાં આવેલા આદેશનું પાલન કરતાં ૨૨ કેસ નોંધવામાં આવ્યા છે અને ૪૭ સ્થળોએ દરોડા પાડવામાં આવ્યા છે.એનસીઆરમાં મકાન ખરીદીને લઈને ખરીદદારો સાથે છેતરપિંડી આચરવામાં આવી તેમા બિલ્ડરો અને બેન્ક વચ્ચે સાંઠગાંઠ ઉભરીને આવી છે. તેની તપાસ કરવા માટે સીબીઆઈએ આ પગલું લીધું છે. સીબીઆઈ તરફથી જારી કરવામાં આવેલા નિવેદન મુજબ ૨૨ કેસ નોંધવામાં આવ્યા છે. સીબીઆઈએ દિલ્હી, ગુરુગ્રામ, નોએડા, ગ્રેટર નોએડા, ગાઝિયાબાદ વગેરે સ્થળોએ દરોડા પાડવામાં આવ્યા છે. આ દરમિયાન દસ્તાવેજ, ડિજિટલ ઈલેક્ટ્રોનિક પુરાવા પણ જપ્ત કરવામાં આવ્યા છે. સીબીઆઈએ નોંધાવેલા જુદાં-જુદાં કેસોમાં જેપી સ્પોર્ટ્સ ઈન્ટરનેશનલ લિમિટેડ, જયપ્રકાશ એસોસિયેટ્સ લિમિટેડ, અજનારા ઈન્ડિયા લિમિટેડ, વાટિકા લિમિટેડ, જેપી ઈન્ફ્રાટેક લિ., સુપરટેક અને આઈડિયા બિલ્ડર્સના નામે એફઆઈઆર નોંધાઈ છે.સીબીઆઈએ જણાવ્યું હતું કે એજન્સીના આર્થિક ગુનાનિવારણ એકમે સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા, ઈન્ડિયાબુલ્સ હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ, પિરામલ ફાઈનાન્સ, એચડીએફસી બેંક, આઈસીઆઈસીઆઈ બેંક, ટાટા કેપિટલ હાઉસિંગ ફાઈનાન્સ અને પીએનબી હાઉસિંગ ફાઈનાન્સ જેવી બેંકિંગ અને નાણા સંસ્થાઓ સામે કેસ નોંધ્યો છે.સીબીઆઈને સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ સૂર્યકાંત અને ન્યાયામૂર્તિ એન. કોટેશ્વરસિંહની બેન્ચે આ કાર્યવાહી કરવા આદેશ આપ્યો હતો. બેન્ચે એજન્સીને જુદાં-જુદાં બિલ્ડરો અને બેંકોની સામે તપાસ કરવા મંજૂરી આપી હતી.

### રાહુલ ગાંધીએ મુદ્દો ભટકાવવાનો લગાવ્યો આરોપ

# માલેગાંવ બ્લાસ્ટને લઈને આવેલા ચુકાદા પર વિપક્ષે પોતાની નારાજગી વ્યક્ત કરી

## કોંગ્રેસના રાજ્યસભા સાંસદ ઇમરાન પ્રતાપગઢીએ કહ્યું કે, આ ચુકાદો છે, ન્યાય નથી : આતંકવાદનો કોઈ ધર્મ નથી હોતો

મુંબઈ, તા.૩૧

માલેગાંવ બ્લાસ્ટને લઈને આવેલા ચુકાદા પર વિપક્ષ પોતાની નારાજગી વ્યક્ત કરી રહ્યું છે. કોંગ્રેસના રાજ્યસભા સાંસદ ઈમરાન પ્રતાપગઢીએ કહ્યું કે, આ ચુકાદો છે, ન્યાય નથી. અમે તો પહેલા દિવસથી કહીએ છીએ કે, આતંકવાદનો કોઈ ધર્મ નથી હોતો. ગુરૂવારે (૩૧ જુલાઈ) NIA કોર્ટે ૨૦૦૮ બ્લાસ્ટ કેસમાં ભાજપના પૂર્વ સાંસદ સાધ્વી પ્રજ્ઞા સિંહ ઠાકુર સહિત તમામ આરોપીને મુક્ત કરી દીધા છે. આ બ્લાસ્ટમાં ૬ લોકોના મોત નિપજ્યા હતા.

આ ચુકાદાને લઈને લોકસભામાં વિરોધ પક્ષના નેતા અને ઉત્તર પ્રદેશના રાયબરેલીથી કોંગ્રેસ સાંસદ રાહુલ ગાંધીએ સરકાર પર મુદ્દાને ભટકાવવાનો આરોપ લગાવ્યો. તેમણે કહ્યું કે, સરકારે નીતિઓને તબાહ કરી દીધી અને હવે મુદ્દો ભટકાવવાનો પ્રયાસ કરી રહી છે.

કોંગ્રેસ સાંસદ ઈમરાન મસૂદે કહ્યું કે, પોલીસે બધી લિંક જોડી હતી, તો આ બધું કોણે કર્યું... તેમાં કોઈ શંકા નથી કે માલેગાંવમાં બ્લાસ્ટ થયો હતો... આતંકવાદને હિન્દુઓ અને મુસ્લિમોમાં વહેંચી ન શકાય...

શિવસેના (UBT) નેતા આનંદ દુબેએ કહ્યું કે, કોર્ટેનો જે નિર્ણય છે, તેનું સ્વાગત છે. ૧૭ વર્ષ વર્ષ બાદ સત્ય તો મળ્યું... વિચારો કે, ૭ આરોપીના જીવનના ૧૭ વર્ષ કેવા વીત્યા હશે? આ સાથે જ એક પ્રશ્ન પણ ઊભો થાય છે કે, ૧૭ વર્ષ લાગી ગયા ન્યાય માંગવામાં? અમે કોર્ટનો આભાર માની છીએ. કોર્ટે પણ કહ્યું કે, આતંકવાદનો કોઈ ધર્મ નથી હોતો. અમુક નેતાઓએ ભગવા આતંકવાદનું સૂત્ર આપ્યું હતું પરંતુ, ભગવો ક્યારેય આતંકવાદ સાથે જોડાઈ ન શકે. દુર્ભાગ્ય છે કે, અમુક લોકો ભગવાને આતંકવાદ કહે છે. ન્યાય માંગવામાં સમય લાગે છે, પરંતુ ન્યાય જરૂર મળે છે.

NIA કોર્ટમાં ન્યાયાધીશને સંબોધિત કરતા પ્રજ્ઞા સિંહે કહ્યું કે, મેં શરૂઆતથી જ કહ્યું હતું કે, જેને પણ તપાસ માટે બોલાવવામાં આવે છે, તેમની પાછળ કોઈને કોઈ આધાર જરૂર હોવો જોઈએ. મને તપાસ માટે બોલાવવામાં આવી અને મારી ધરપકડ કરી મને પ્રતાડિત કરવામાં આવી. જેનાથી મારૂ આખું જીવન ખરાબ થઈ ગયું. હું એક સાધુનું જીવન જીવી રહી હતી પરંતુ, મારા પર આરોપ લગાવવામાં આવ્યો અને કોઈપણ અમારી સાથે ઊભું ન રહ્યું. હું જીવિત છું કારણ કે હું સંન્યાસી છું. તેમણે કાવતરૂં કરીને ભગવાને બદનામ કર્યું. આજે ભગવાની જીત થઈ છે, હિન્દુત્વની જીત થઈ છે અને ઈશ્વર ગુનેગારોને સજા આપશે. જોકે, ભારત અને ભગવાને બદનામ કરનારાઓને તમે ખોટા સાબિત નથી કર્યા!

### દોઢ મહિનામાં ૮ ના મોત

# ગુજરાતના સાવજો પર મોટું સંકટ, ભેદી રોગના ઝપેટમાં આવ્યા

## રાજ્યમાં સિંહબાળના મોતને લઈને ચિંતા વધી

અમરેલી, તા.૩૧

રાજ્યમાં સિંહના મૃત્યુની ઘટનામાં ચિંતાજનક વધારો થઈ રહ્યો છે. છેલ્લા બે દિવસમાં ત્રણ સિંહબાળના મૃત્યુ થયા છે. અમરેલી જિલ્લાના વન વિસ્તાર નજીક જાફરાબાદ, રાજુલા, ખાંભા અને સાવરકુંડલા આસપાસ બે દિવસમાં ત્રણ સિંહબાળ સહિત છેલ્લા કેટલાક સમયમાં ૧૫ સિંહોના મૃત્યુ થયા છે. કોઈ ભેદી રોગચાળાની આશંકાએ વન વિભાગે તપાસ શરૂ કરી છે.

ગુજરાતમાં સિંહબાળના મૃત્યુના કેસ વધતા હવે સરકારની પણ ચિંતા વધી ગઈ છે. જાફરાબાદના કાગવદર નજીક ૩ સિંહબાળના શંકાસ્પદ મૃત્યુ થયા છે. છેલ્લા દોઢ મહિનામાં આઠથી વધુ સિંહબાળના મૃત્યુ થયા છે. રાજુલા, જાફરાબાદ રેન્જમાંથી ૨૫ દિવસ પહેલા સિંહબાળ, પાઠડાનું રેસ્ક્યૂ કરાયું હતુ. જાફરાબાદ રેન્ડના ચાર સિંહબાળ પાઠડાનું રેસ્ક્યૂ કરી બાબરકોટ એનિમલ કેર સેન્ટરમાં રાખવામાં આવ્યા છે. અશક્ત દેખાતા સિંહબાળનું રેસ્ક્યૂ કરવામાં આવી રહ્યું છે. હાલ બીમાર હોવાથી ચાર પાઠડા સિંહબાળને મુક્ત કરાયા નથી. પાઠડા સિંહબાળમાં ભારે અશક્તિ જોવા મળી રહી છે. કેટલાક સૂત્રોનું કહેવું છે કે, સિંહોની બીમારી, રેસ્ક્યૂની માહિતી બહાર ન જાય તેવી સૂચના અપાઈ છે. અધિકારીઓએ ટ્રેકર્સ ફોરેસ્ટગાર્ડને કડક સૂચના આપી છે. ગુજરાતમાં સૌથી વધુ સિંહોની સંખ્યા અમરેલી જિલ્લામાં નોંધાય અને સંકટ આવતા ચિંતા વધી ગઈ છે.

અગાઉ પણ ગીરમાં કેટલાક રોગના કારણે સિંહોના મૃત્યુ થયા હતા. ફરી એવી સ્થિતિ સર્જાતા ગાંધીનગરમાં તાકીદની બેઠક પણ કરવામાં આવી. વનમંત્રીએ કહ્યું કે, વન વિભાગ કારણોની તપાસ કરી રહ્યું છે. છેલ્લા દોઢ મહિનામાં ૮ થી વધુ સિંહબાળના મૃત્યુ થયા. રાજુલા જાફરાબાદ બંને રેન્જની બોડર માંથી ૨૫ દિવસ પહેલા સિંહબાળ પાઠડાનું રેસ્ક્યુ કરી લઈ જવાયા, જેમને એનિમલ કેર સેન્ટરમાં રાખવામાં આવ્યા. બીમાર હોવાથી ૪ પાઠડા સિંહબાળને મુક્ત નથી કરવામાં આવ્યા. સિંહબાળ અને પાઠડામાં બીમારી જોવા મળી રહી હોવાના અહેવાલ પણ સામે આવી રહ્યા છે.સિંહોની બીમારી અને રેસ્ક્યુ સહિતની માહિતી બહાર ન જાય તે માટે અધિકારીઓ દ્વારા ટ્રેકર્સ ફોરેસ્ટગાર્ડને કડક સૂચના આપવામાં આવી હોવાની સૂત્રોથી માહિતી મળી રહી છે. ગુજરાતમાં સૌથી વધુ સિંહોની સંખ્યા અમરેલી જિલ્લામાં નોંધાઈ છે અને હવે તેમના પર સંકટ આવતા ચિંતા વધી.

### સ્ટડેડ જ્વેલરીનો કુલ વેચાણમાં ત્રીજા ભાગથી વધુનો હિસ્સો

# જ્વેલર્સ હળવા, ઓછા કેરેટના દાગીના તરફ વળ્યા

## ૯ - કેરેટ સોનાના હોલમાર્કિંગને મંજૂરી મળ્યા પછી, સોનાના દાગીનાના વેચાણમાં ઘટાડા વચ્ચે માંગ બજેટ-ફ્રેંડલી વિકલ્પો તરફ

અમદાવાદ, તા.૩૧

જ્વેલરી રિટેલર્સ વધુને વધુ હળવા અને ઓછા કેરેટના દાગીના તરફ ધ્યાન કેન્દ્રિત કરી રહ્યા છે કારણ કે વેપાર, ટેરિફ અને ભૂ-રાજકીય અનિશ્ચિતતાઓ વચ્ચે સોનાના ભાવ મજબૂત રહ્યા છે. તહેવારોની મોસમ પહેલા વધુ ખરીદદારો શોધી રહેલા રિટેલર્સ માટે સરકારનું તાજેતરનું ૯-કેરેટ સોનાના દાગીનાનું હોલમાર્ક બનાવવાનું પગલું પણ રાહતનું કારણ બન્યું છે. ગ્રાહકો હવે આ તરફ નજર દોડાવે છેજૂનમાં વોલ્યુમ દ્વારા સોનાના વેચાણમાં રેકોર્ડ ૬૦%નો ઘટાડો થયો હતો. જે કોરોના પછીનો સૌથી મોટો ઘટાડો છે. ૨૦૨૫ના પહેલા અર્ધવાર્ષિકમાં સોનાના ભાવમાં લગભગ ૩૦%નો વધારો થયો છે.ટાઈટનથી કલ્યાણ જ્વેલર્સ, સેન્કોથી મલબાર ગોલ્ડ સુધીના સંગઠિત ખેલાડીઓ સોનામાં ૧૮ કેરેટના જ્વેલરી અને સ્ટડેડ જ્વેલરીમાં ૧૪ કેરેટના જ્વેલરીનો પ્રયોગ કરી રહ્યા છે, જ્યાં સાદા સોનામાં ૨૨ કેરેટના જ્વેલરીનો ઉપયોગ થાય છે અને સ્ટડેડ જ્વેલરીમાં ૧૮ કેરેટનો ચલણ છે. સ્ટડેડ જ્વેલરીમાં સોનું અને રત્નો અથવા હીરાનું મિશ્રણ સામેલ હોય છે.ગયા અઠવાડિયે, આગેવાન જ્વેલરી રિટેલરે એક પગલું આગળ વધીને ૯ કેરેટના જ્વેલરીનું વેચાણ શરૂ કર્યું છે. તેણે અગાઉ ફેબ્રુઆરીમાં કેરેટલેન ખાતે ૯ કેરેટના જ્વેલરીનો પ્રયોગ કર્યો હતો.ઓછા ભાવે ખરીદનારા ગ્રાહકો જેમનું બજેટ રૂ. ૫૦,૦૦૦થી ૧ લાખની વચ્ચે છે, તેઓ સોનાના ઊંચા ભાવથી બજારથી દુર થઈ રહ્યા છે. સોનામાં કિંમત વધવાનો બિનસાંપ્રદાયિક ટ્રેન્ડ હાલ પૂરતો રહેશે, પરંતુ ગ્રાહકોને (નીચા કેરેટ) વિકલ્પો પૂરા પાડવા પડશે, કારણ કે લોકોમાં સોના પ્રત્યેનો પ્રેમ યથાવત છે તેમ આગેવાન જ્વેલરી રિટેલરે જણાવ્યું હતું.જ્વેલરી રિટેલરો હવે તેમના ઉત્પાદન પોર્ટફોલિયોમાં ફેરફાર કરી રહી છે અને સોનાના ભાવમાં વધારો ટેકલ કરી રહ્યા છે. સોનાના ભાવમાં તીવ્ર વધારો થાય ત્યારે હેવીવેઈટ (૨૨-કેરેટ), લાઈટવેઈટ (૧૪-કેરેટ) અને મિડવેઈટ (૧૮-કેરેટ) જ્વેલરી સહિતની ઈન્વેન્ટરી રચના સંક્રમણમાંથી પસાર થાય છે. ઉપરાંત, છેલ્લા કેટલાક વર્ષોમાં સોના કરતાં રત્નોનું પ્રમાણ વધુ હોય તેવા સ્ટડેડ જ્વેલરીની પસંદગી વધી રહી છે. નિષ્ણાતોએ જણાવ્યું હતું કે જનરેશન ઝેડ અને મિલેનિયલ ગ્રાહકો ટ્રેન્ડી, રોજિંદા વસ્ત્રો પસંદ કરે છે. બજેટ પ્રત્યે સભાન ગ્રાહકો, યુવાન ખરીદદારો અને ભેટ વિકલ્પો શોધી રહેલા લોકો માટે, સ્ટડેડ જ્વેલરી સારી રીતે કામ કરે છે. તેથી હીરા અને હળવા વજનના જ્વેલરી લાઈનને વેગ મળી રહ્યો છે. સ્ટડેડ જ્વેલરી આજે ભારતમાં જ્વેલરી વેચાણના ત્રીજા ભાગથી વધુ હિસ્સો ધરાવે છે.

### નોટિસ આપ્યા વિના જ બજારમાં કાર્યવાહી હાથ ધરાઈ

# બુલડોઝર એક્શન બાદ ભાઈને ગુમાવનારા ભાજપ નેતાની વ્યથા

## વહીવટીતંત્રે દુકાનમાંથી સામાન હટાવી લેવાનો પણ સમય ન આપતાં લાખો રૂપિયાનો સામાન બરબાદ થયો

મુરાદાબાદ, તા.૩૧

ઉત્તર પ્રદેશના મુરાદાબાદ શહેરની બજાર સમિતિમાં ચાલી રહેલા અતિક્રમણ હટાવો ઝુંબેશે ભાજપ નેતાના પરિવારનું જીવન વિરવિખેર કરી નાખ્યું છે. બજારમાં આવેલી દુકાન પર બુલડોઝર ફેરવી દેતાં ભાજપ મંડળ મંત્રી બ્રિજેન્દ્ર સૈનીના ભાઈએ ધાબા પરથી કૂદીની આપઘાત કરી લીધો હતો. મંગળવારે પૂર્વ સૂચના કે નોટિસ આપ્યા વિના જ બજારમાં બુલડોઝર કાર્યવાહી હાથ ધરાઈ હતી. જેમાં બ્રિજેન્દ્રસિંહની દુકાન પણ ભોગ બનતાં તેમના ભાઈ ચેતન સૈનીએ આપઘાત કર્યો હતો.

વહીવટીતંત્રે તેમને દુકાનમાંથી સામાન હટાવી લેવાનો પણ સમય ન આપતાં લાખો રૂપિયાનો સામાન બરબાદ થઈ ગયો હતો. જેથી ચેતન સૈની માનસિક રૂપે તૂટી ગયો હતો, અને મોડી રાત્રે ધાબા પરથી કૂદી આપઘાત કર્યો હતો. આ સમગ્ર આપવીતિ વિશે બ્રિજેન્દ્ર સૈનીએ રડતાં રડતાં ડેપ્યુટી સીએમ બ્રિજેશ પાઠકને જણાવ્યું હતું.

બ્રિજેન્દ્ર સૈનીએ ડેપ્યુટી સીએમ બ્રિજેશ પાઠકને રડતાં રડતાં પોતાની આપવીતિ જણાવી છે કે, આ લોકોએ અમારી દુકાન તોડી દીધી, અમે હાથ-પગ જોડતા રહ્યા કે, બસ પાંચ મિનિટનો સમય આપો. અમે સામાન હટાવી લઈએ. પણ તેમણે સાંભળ્યું નહીં. આ લોકોએ લાખો રૂપિયા બરબાદ કરી દીધા. દુકાન તૂટ્યા બાદ મારો ભાઈ તણાવમાં આવી ગયો અને તેણે મોડી રાત્રે ધાબા પરથી કૂદીના આપઘાત કરી લીધો. બુલડોઝર ચલાવતા પહેલાં તેમણે કોઈ નોટિસ પણ પાઠવી ન હતી.

ડેપ્યુટી સીએમએ આ અંગે આશ્વાસન આપ્યું કે, ભાજપના સ્થાનિક નેતાઓએ મને આ કાર્યવાહી વિશે જણાવ્યું છે, સમગ્ર ઘટનાની ઉચ્ચ સ્તરે તપાસ હાથ ધરાશે. તેમજ દોષિત અધિકારીઓ વિરૂદ્ધ કાર્યવાહી હાથ ધરાશે. આ દુઃખની પળમાં સરકાર પીડિત પરિવાર સાથે છે. ઉલ્લેખનીય છે, ડેપ્યુટી સીએમ ભાજપ મંડળના મંત્રીના ઘરે સાંત્વના પાઠવવા આવ્યા હતા.

ગત સોમવારે બજાર સમિતિમાં કથિત અતિક્રમણ હટાવવાની કાર્યવાહી શરૂ થઈ હતી. તે દરમિયાન અમુક લોકોએ બજાર સમિતિના સચિવ સંજીવ કુમારના કાર્યાલયમાં ઘૂસીને તોડફોડ અને મારપીટ કરી હતી. સીસીટીવી કેમેરા પણ તોડી દીધા હતા. સચિવે ઉચ્ચ અધિકારીઓ સમક્ષ ફરિયાદ કરતાં વહીવટીતંત્રે બજારમાં મોટાપાયે બુલડોઝર કાર્યવાહી હાથ ધરી હતી. આ કાર્યવાહીમાં સૈનીની દુકાન પણ તોડી પાડવામાં આવી. આપઘાત કરતાં પહેલાં ચેતન સૈનીએ સોશિયલ મીડિયા પર ભાવુક પોસ્ટ કરી હતી કે, મુરાદાબાદ બજારની અંદર વહીવટીતંત્રનું આક્રમણ, બધુ જ બરબાદ કરી દીધું. ભગવાનની દુઆથી માલ-સામાન વરસાદમાં પલળી ગયો. વહીવટીતંત્ર મજા લઈ રહ્યા હતા. હવે જણાવો, આ નુકસાન માટે કોણ જવાબદાર.

### ૪૦૦ લડાકૂ વિમાન અને ૧૨ હજાર સૈનિક

# સમુદ્રમાં અમેરિકા સામે શક્તિ પ્રદર્શન કરશે રશિયા અને ચીન

## અમેરિકાની ટીકા કરતાં ચીનના સંરક્ષણ મંત્રાલયે જણાવ્યું હતું કે, અમેરિકાની દાદાગીરી ચલાવી લેવાશે નહીં

મોસ્કો, તા.૩૧

અમેરિકાએ ૧૦મી જુલાઈથી જાપાન સાથે એક વિશાળ લશ્કરી કવાયત હાથ ધરી છે. આઠમી ઑગસ્ટ સુધી ચાલુ રહેનારા શક્તિ પ્રદર્શનમાં ૪૦૦થી વધુ લડાકૂ વિમાનો અને ૧૨ હજાર સૈનિકો ભાગ લઈ રહ્યા છે. આ દરમિયાન ચીને પણ જાહેરાત કરી છે કે તે રશિયા સાથે સમુદ્રમાં શક્તિ પ્રદર્શન કરશે.

ચીનના સંરક્ષણ મંત્રાલયના જણાવ્યાનુસાર, ચીન અને રશિયા ઑગસ્ટમાં Joint Sea ૨૦૨૫ સંયુક્ત નૌકાદળ કવાયત હાથ ધરશે. આ કવાયત પછી પેસિફિક મહાસાગરમાં છઠ્ઠી સંયુક્ત દરિયાઈ પેટ્રોલિંગ કરાશે. ચીન અને રશિયા વચ્ચેનો આ શક્તિ પ્રદર્શન જાપાનના સમુદ્ર પર સ્થિત રશિયાના વ્લાદિવોસ્તોક શહેર નજીક સમુદ્ર અને હવાઈ વિસ્તારમાં કરાશે. આ શક્તિ પ્રદર્શન ચીની અને રશિયાની સેના વચ્ચે સંબંધો વધુ મજબૂત બનાવવા માટે છે. આનો હેતુ કોઈ દેશ કે પક્ષને ટાર્ગેટ કરવાનો નથી.

અમેરિકાની ટીકા કરતાં ચીનના સંરક્ષણ મંત્રાલયે જણાવ્યું હતું કે, અમેરિકાની દાદાગીરી ચલાવી લેવામાં આવશે નહીં. અમેરિકા તેની શીત યુદ્ધની માનસિકતાને વળગી રહ્યું છે અને પેસિફિક મહાસાગરમાં સતત શક્તિ પ્રદર્શન કરી રહ્યું છે. અમેરિકા લશ્કરી કવાયતોની આડમાં અન્ય દેશોને ડરાવવાનો અને પ્રદેશમાં શાંતિ અને સ્થિરતાને નબળી પાડવાનું કામ કરી રહ્યું છે.

અહેવાલો અનુસાર, ચીન અને રશિયાએ સંયુક્ત નૌકાદળ કવાયતો હાથ ધરીને લશ્કરી સંબંધોને મજબૂત બનાવ્યા છે. રશિયા અને ચીન વચ્ચે તાજેતરની કવાયત જાયન્ટ સી સીરિઝની ૧૧મી લશ્કરી કવાયત બનવા જઈ રહી છે, જેને મેરીટાઈમ કોઓપરેશન તરીકે પણ ઓળખાઈ છે.બંને દેશો વચ્ચે આ વાર્ષિક લશ્કરી કવાયત વર્ષ ૨૦૧૨માં શરુ થઈ હતી અને ૨૦૧૮, ૨૦૨૦, ૨૦૨૩ સિવાય દર વર્ષે યોજવામાં આવે છે. આ લશ્કરી કવાયતો ઉત્તર-પશ્ચિમ પેસિફિક મહાસાગર યોજાઈ છે. આ કવાયતમાં બંને દેશોના નૌકાદળના જહાજો, લડાકૂ વિમાનો અને સૈનિકો જોડાય છે. રશિયા લાંબા સમયથી ચીનને હથિયાર સપ્લાયર કરી રહ્યું છે. ચીને રશિયા સાથે અનેક લાઈસન્સિંગ કરારો થયા છે, જેને લઈને રશિયાની સેના ટૅકનોલૉજીનો પણ લાભ મળ્યો છે. નોંધનીય છે કે, વર્ષ ૨૦૨૦માં ચીનની કુલ હથિયાર આયાતમાં રશિયાનો હિસ્સો લગભગ ૭૦ ટકા હતો, તે ૨૦૨૪ માં ઘટીને લગભગ ૪૦ ટકા થઈ ગયો હતો.અહેવાલો અનુસાર, વર્ષ ૨૦૨૦માં ચીને રશિયા પાસેથી એન્જિન, વિમાન અને નૌકાદળના હથિયારો ખરીદ્યા હતા જ્યારે ૨૦૨૪માં તેણે ફક્ત એન્જિન આયાત કર્યા હતા. તેનું કારણ એ હતું કે ચીને સંરક્ષણ હથિયારોની આયાત કરવાને બદલે તમામ સાધનોનું ઉત્પાદન જાતે કરવાનું શરુ કર્યું છે. બીજું કારણ એ છે કે વર્ષ ૨૦૨૨માં યુક્રેન સાથે યુદ્ધ શરુ કરવા બદલ ચીન રશિયા પાસેથી ઓછા હથિયાર આયાત કરી રહ્યું છે. જો કે, રશિયા-યુક્રેન યુદ્ધ શરુ થયા પછી, ચીને રશિયાને ઘણી ઉપયોગી ચીજવસ્તુઓ પૂરી પાડી છે, જેનો રશિયાને યુદ્ધમાં પણ ફાયદો થયો છે.

# ૧૧ ઓગસ્ટે નવું ઈનકમ ટેક્સ બિલ રજૂ કરશે નાણામંત્રી નિર્મલા સીતારમણ

નવી દિલ્હી, તા.૩૧

ઈનકમ ટેક્સ સિસ્ટમને લઈ દેશમાં ફરી એકવાર મોટો ફેરફાર થવા જઈ રહ્યો છે. કેન્દ્ર સરકાર દ્વારા સંસદના ચોમાસુ સત્રમાં નવું ઈનકમ ટેક્સ બિલ રજૂ કરવામાં આવશે. તેની તારીખ પણ નક્કી થઈ ચૂકી છે. નાણામંત્રી નિર્મલા સીતારમણ ૧૧ ઓગસ્ટે સંસદમાં આ બિલ રજૂ કરવાના છે.સૂત્રો પાસેથી મળતી માહિતી અનુસાર, સરકાર આ બિલ દ્વારા હાલના ઈનકમ ટેક્સ એક્ટ, ૧૯૬૧માં સંપૂર્ણપણે બદલાવ કરવા જઈ રહી છે અને તેના જગ્યાએ એક નવો કાયદો લાવવાની તૈયારી કરી રહી છે. ટેક્સ સિસ્ટમને વધુ સરળ, ટેકનોલોજી-ફ્રેન્ડલી અને પારદર્શક બનાવવાની દિશામાં આ એક મોટું પગલું માનવામાં આવી રહ્યું છે.સરકારનો ઉદ્દેશ્ય એવો ઈનકમ ટેક્સ કાયદો લાવવાનો છે જે વર્તમાન સમયની જરૂરિયાતોને ધ્યાનમાં રાખે. ૧૯૬૧માં બનેલો કાયદો હજુ પણ દેશમાં લાગુ છે, પરંતુ છેલ્લા કેટલાક વર્ષોમાં ડિજિટલ ઈકોનોમી, ગ્લોબલ ઈનવેસ્ટમેન્ટ અને કરદાતાઓની પ્રોફાઈલમાં મોટો બદલાવ આવ્યો છે. આ બદલાવને ધ્યાનમાં રાખીને હવે એક નવો કાયદો જરૂરી બની ગયો છે.હાલના કાયદામાં ઘણી એવી કલમો છે, જે કાં તો હવે સંબંધિત નથી અથવા એટલી જટિલ છે કે સામાન્ય કરદાતાઓ માટે તે સમજવી મુશ્કેલ છે. આ જ કારણ છે કે ટેક્સ ફાઈલિંગમાં વારંવાર ભૂલો થાય છે અને કરદાતાઓને નોટિસ અથવા દંડનો સામનો કરવો પડે છે. સરકારનું કહેવું છે કે, નવો કાયદો આ બધી સમસ્યાઓ દૂર કરશે અને કરદાતાઓને એક સરળ, સ્પષ્ટ અને ડિજિટલ-ફ્રેન્ડલી ફ્રેમવર્ક આપશે.

### ૨૯૦૦ મોત અને લાખો લોકોનું હિંસક આંદોલન

# ભારતના પડોશી દેશમાં ચાર વર્ષ બાદ કટોકટીનો અંત

## નવી સરકારની રચના અને વડાપ્રધાનની નિમણૂક કરાઈ, જાન્યુઆરીમાં કટોકટી લંબાવવામાં આવી હતી

મ્યાનમાર, તા.૩૧

આજે ગુરુવારે મ્યાનમારની લશ્કરી સરકારે દેશમાં ૪ વર્ષથી અમલમાં રહેલી કટોકટી દૂર કરવાની જાહેરાત કરી છે. હાલ મ્યાનમારમાં હિંસા, ગૃહયુદ્ધ અને વિરોધ પ્રદર્શનો થઈ રહ્યા છે, તેમાં છતાં રાષ્ટ્રીય સંરક્ષણ અને સુરક્ષા પરિષદની બેઠક બાદ આર્મી ચીફ મિન આંગ હ્લેઈંગે કટોકટી દૂર કરવાની જાહેરાત કરી હતી. કટોકટી દૂર કરવાની સાથે સેનાએ ૩૦ સભ્યોની સંઘીય સરકારની રચનાની પણ જાહેરાત કરી છે. ઉપરાંત, સેના પ્રમુખના નજીકના ગણાતા ન્યો સોને નવા વડા પ્રધાન તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. આથી [redacted] જકીય માળખા [redacted] પર ટકી રહેશે. [redacted] યથી રાજકીય [redacted] ટોકટીની સ્થિતિ [redacted] જૂથો અને સૈન્ય [redacted] જ સૈન્ય સતત [redacted] ામનો કરી રહ્યું [redacted] ર ૨૦૨૪માં [redacted] આપવામાં આવ્યું [redacted] મુજબ ચૂંટણી [redacted] હટાવવી જરૂરી [redacted] લેવામાં આવ્યો [redacted] ૧ ફેબ્રુઆરી, ૨૦૨૧ના રોજ મ્યાનમાર સેનાએ બળવો કરીને સત્તા સંભાળી હતી. ૨૦૨૦ની ચૂંટણીમાં આંગ સાન સુ કીના પક્ષ દ્વન્દ્વ એ જીત મેળવી હતી, પરંતુ સેના સમર્થન કરતાં પક્ષે પરિણામો સ્વીકારવાનો ઈક્રાર કરી દીધો હતો. આ પછી સેનાએ રાષ્ટ્રપતિ અને આંગ સાન સુ કી સહિત ઘણા નેતાઓની ધરપકડ કરી અને કટોકટી લાદવામાં આવી. જેના વિરોધમાં ઘણા આંદોલન થયા જેમાં લગભગ ૨૯૦૦થી વધુ લોકોના મોત થયા અને ૧૮,૦૦૦થી વધુ લોકોની ધરપકડ કરવામાં આવી હતી. તાજેતરમાં જાન્યુઆરી ૨૦૨૫માં, સુરક્ષા પરિષદે કટોકટી ૩૧ જુલાઈ સુધી લંબાવી હતી. ત્યારબાદ એવું કહેવામાં આવ્યું હતું કે નિષ્પક્ષ ચૂંટણીઓ માટે પરિસ્થિતિને સ્થિર કરવી જરૂરી છે. જુલાઈમાં, સૈન્યએ એક નવો કાયદો પસાર કર્યો, જેમાં ચૂંટણીમાં અવરોધ ઊભો કરવા બદલ મૃત્યુદંડની જોગવાઈ પણ ઉમેરવામાં આવી. જો કે, યુએસ અને ઘણા પશ્ચિમી દેશોએ આ પ્રસ્તાવિત ચૂંટણીઓને ગેરકાયદેસર ગણાવી છે અને તેને લશ્કરી શાસનને કાયદેસર બનાવવાનો પ્રયાસ પણ ગણાવ્યો છે. એવામાં હવે ૪ વર્ષ બાદ મ્યાનમારની લશ્કરી સરકારે કટોકટી દૂર કરવાની જાહેરાત કરી છે.

# ૨૬૧ ધાર્મિક દબાણ હટાવાયા, ૯૮ રેગ્યુલરાઈઝ કરાયા અને ૧૧૭૭ને નોટિસ અપાઈ : સરકાર

## જાહેર માર્ગો અને સ્થળો પરથી ગેરકાયદે ધાર્મિક દબાણો દૂર કરવા મુદ્દે પિટિશનમાં સરકારનું સોગંદનામું

અમદાવાદ, તા.૩૧

જાહેર માર્ગો અને સ્થળો પરથી ધાર્મિક દબાણ મુદ્દે સુઓમોટો પિટિશનમાં ચીફ જસ્ટિસ સુનિતા અગ્રવાલ અને જસ્ટિસ ડી.એન.રેની ખંડપીઠ સમક્ષ સુનાવણી હાથ ધરાઈ હતી. જેમાં ગૃહ વિભાગ તરફથી સોગંદનામું કરવામાં આવ્યું હતું. જે મુજબ ૧૬મી એપ્રિલથી અત્યાર સુધીમાં રાજ્યમાંથી ૨૬૧ ધાર્મિક દબાણ દૂર કરાયા છે, ૨૮ દબાણોને રિલોકેટ કરાયા છે અને ૯૮ રેગ્યુલરાઈઝ કરાયા છે. તે સિવાય ૧૧૭૭ ધાર્મિક દબાણોને નોટિસ આપવામાં આવી હોવાનું જણાવવામાં આવ્યું છે. આ મુદ્દે વધુ સુનાવણી ૧૨મી નવેમ્બરે યોજાશે અને તંત્રને પ્રોગ્રેસ રિપોર્ટ રજૂ કરવામાં કહેવામાં આવ્યું છે. સુપ્રીમ કોર્ટના નિર્દેશોના ઝડપી અમલીકરણ માટે જિલ્લા અને મ્યુનિસિપલ સ્તરે કમિટીની રચના થઈ ચૂકી છે. ગૃહ વિભાગના પ્રિન્સિપલ સેક્રેટરીની એફિડેવિટના આધારે હાઈકોર્ટે નોંધ્યું હતું કે, ૧૯ એપ્રિલ, ૨૦૨૪ના રોજ રાજ્ય સરકારે ઠરાવ કર્યો હતો. સુપ્રીમ કોર્ટે સપ્ટેમ્બર, ૨૦૦૯માં જાહેર જગ્યાઓ પરથી ધાર્મિક દબાણો દૂર કરવા નિર્દેશ આપ્યા હતા. ધાર્મિક દબાણોનાં રિવ્યૂ અને તે દૂર કરવા જિલ્લા સ્તરે કલેક્ટર હસ્તક કમિટીની રચના કરાઈ છે, જ્યારે મ્યુનિસિપલ સ્તરે કમિશનર હસ્તક કમિટીની રચના કરવામાં આવી છે.અગાઉની સુનાવણીમાં કોર્ટને જણાવાયું હતું કે, ધાર્મિક દબાણો ઓળખીને જિલ્લાઓને જુદી જુદી કેટેગરીમાં વહેંચવામાં આવ્યા છે. જેમાં એક હજારથી વધુ ધાર્મિક દબાણો ધરાવતા જિલ્લા, ૫૦૦થી એક હજાર ધાર્મિક દબાણો ધરાવતા જિલ્લા, ૩૦૦થી ૫૦૦, ૨૦૦થી ૩૦૦, ૧૦૦થી ૨૦૦ અને ૧૦૦થી ઓછા ધાર્મિક દબાણો ધરાવતા જિલ્લાનો સમાવેશ થાય છે. ધાર્મિક દબાણો મુદ્દે જિલ્લા સ્તરે બનેલી કમિટીની મીટિંગ મહિનામાં એક વખત મળે તેવી સૂચના આપવામાં આવી છે. બે જિલ્લા અને એક મહાનગરપાલિકામાં એક પણ ધાર્મિક દબાણ નથી. નવ જિલ્લામાં ૫૦ કરતા ઓછા ધાર્મિક દબાણો છે. જેમાં પણ ચાર જિલ્લામાં ૧૦ કરતા ઓછા ધાર્મિક દબાણો છે. અગાઉ સરકારે કોર્ટને જણાવ્યું હતું કે, જાહેર જગ્યાઓ પરથી ૨૧ નવેમ્બર-૨૦૨૪થી ૩૧ જાન્યુઆરી-૨૦૨૫ સુધીમાં રાજ્યભરમાંથી ૧૫૬ ગેરકાયદે ધાર્મિક દબાણ દૂર કરવામાં આવ્યા છે. જેમાંથી ૧૨૭ ધાર્મિક દબાણ જિલ્લા વહીવટી તંત્ર હેઠળ આવેલી જગ્યાએથી જ્યારે ૨૯ ધાર્મિક દબાણ મહાનગરપાલિકા હસ્તકની જગ્યા પરથી દૂર કરાયા છે. જ્યારે કેટલાક ધાર્મિક સ્થાનોને રિલોકેટ પણ કરવામાં આવ્યા છે.

### પૂર જેવી સ્થિતિ, સ્કૂલો બંધ

# દિલ્હી, મધ્ય પ્રદેશ, રાજસ્થાનમાં ભારે વરસાદ, નદીઓ છલકાઈ

**પ્રદેશના શિવપુરી, સાગર, વિદિશા અને ગુનામાં પૂર જેવી સ્થિતિ સર્જાઈ : આર્મીએ મેદાનમાં ઊતરવું પડ્યું છે**

નવી દિલ્હી, તા.૩૧

દિલ્હી, રાજસ્થાન અને મધ્ય પ્રદેશ સહિત ઉત્તર ભારતના રાજ્યોમાં ભારે વરસાદનો દોર જોવા મળી રહ્યો છે. જેના કારણે અનેક નદીઓ ગાંડીતૂર બની છે. નદી-નાળા છલકાવા માંડ્યા છે. સ્કૂલોમાં રજા જાહેર કરવાની ફરજ પડી હતી. રાજસ્થાનના સવાઈ માધોપુર, જયપુર, બુંદી, ધોલપુરમાં સ્થિતિ ચિંતાજનક થઈ ગઈ છે. જ્યારે મધ્ય પ્રદેશના શિવપુરી, સાગર, વિદિશા અને ગુનામાં પૂર જેવી સ્થિતિને કારણે ચિંતા વધી ગઈ છે. બચાવ કામગીરી માટે આર્મીએ મેદાનમાં ઊતરવું પડ્યું છે.

રાજસ્થાનની ઘણી નદીઓ છલકાઈ રહી છે અને ઘણા બંધ છલકાઈ રહ્યા છે. ધોલપુરમાં ચંબલ નદી છલકાઈ રહી છે. ચંબલ આ સમયે ખતરાના નિશાનથી ૧૧ મીટર ઉપર વહી રહી છે. ચંબલ કિનારાના ઘણા ગામો સંપૂર્ણપણે ડૂબી ગયા છે. કેટલાક ગામોમાં ૧૦-૧૫ ફૂટ સુધી પાણી ભરાઈ ગયું છે. ગામડાઓમાં હવે કોઈ નથી. લોકોને સુરક્ષિત સ્થળોએ ખસેડવામાં આવી રહ્યા છે. હવામાન વિભાગે ગુરુવારે અજમેર, જયપુર, બિકાનેર અને જોધપુર વિભાગના કેટલાક ભાગોમાં ભારે અને ખૂબ જ ભારે વરસાદની આગાહી કરી છે.

બીજી તરફ, મધ્ય પ્રદેશમાં સોમવારથી એટલો ભારે વરસાદ શરૂ થયો કે ૧૩ જિલ્લાઓમાં જીવનની ગતિ ઠપ્પ થઈ ગઈ. તસવીરો બતાવે છે કે કેવી રીતે પાણીએ બધું જ ડૂબાડી દીધું છે. મુરેના, ભિંડ, ગ્વાલિયર, બુંદેલખંડ ક્ષેત્રમાં ચંબલ નદી પૂરની જેમ ઉભરાઈ રહી છે. સિંધ અને તેની ઉપનદીઓ શિવપુરી અને વિદિશામાં ગામડાઓને ડૂબાડી રહી છે. આ તે નદીઓ છે જે પાછળથી યમુનામાં જોડાય છે અને પછી યમુના પ્રયાગરાજમાં ગંગામાં મળે છે.

નર્મદા કિનારાના વિસ્તારો પણ પૂરની ઝપેટમાં છે. નર્મદાપુર, ખંડવા, જબલપુર, ડિંડોરી અને હરદા વિસ્તારો વરસાદ અને પૂરની ઝપેટમાં છે. પૂર પછી, સેના અને અન્ય અધિકારીઓએ રાજ્યના વિવિધ જિલ્લામાંથી ૨૭ શાળાના બાળકો સહિત લગભગ ૨,૯૦૦ લોકોને બચાવ્યા છે. ભારે વરસાદને કારણે, ડિંડોરી, વિદિશા, જબલપુર, નર્મદાપુરમ, અલીરાજપુર, રાજગઢ અને બેતુલ જિલ્લામાં પણ પૂર જેવી સ્થિતિ જોવા મળી રહી છે અને વહીવટી તંત્ર દ્વારા રાહત અને બચાવ કામગીરી ઝડપથી હાથ ધરવામાં આવી રહી છે. રાજસ્થાનમાં છેલ્લા ઘણા દિવસોથી સતત ભારે વરસાદને કારણે જયપુર, સવાઈ માધોપુર, કોટા, દૌસા, અલવર, ભરતપુર, ભીલવાડા, અજમેર, સીકર, ટોંક સહિત એક ડઝનથી વધુ જિલ્લાઓમાં પરિસ્થિતિ બગડવા લાગી છે. આ જિલ્લાઓમાં પૂરની સ્થિતિ યથાવત છે. રાજ્યના ૧૪ જિલ્લાઓમાં આગામી બે દિવસ માટે રજા જાહેર કરવામાં આવી છે. બીજી તરફ, ભારે વરસાદને કારણે, સવાઈ માધોપુરના બોદલમાં રાષ્ટ્રીય ધોરીમાર્ગ નંબર ૫૫૨ પર સ્થિત પુલ ધોવાઈ ગયો છે અને કોટાના ઈટાવામાં પાર્વતી નદીમાં જોરદાર પૂરને કારણે, રાજસ્થાન અને મધ્ય પ્રદેશ વચ્ચેનો માર્ગ સંપર્ક સંપૂર્ણપણે કપાઈ ગયો છે. ઈટાવા-ખાટોલી પુલ પર દોઢ ફૂટ સુધી પાણી વહી રહ્યું છે, જેના કારણે કોટા-ગ્વાલિયર-શ્યોપુર રોડ પર પણ વાહનવ્યવહાર બંધ થઈ ગયો છે. ભારે વરસાદને પગલે દિલ્હીમાં પણ ઠેર ઠેર પાણી ભરાઈ ગયા હતા અને રસ્તાઓ જાણે બેટમાં ફેરવાઈ ગયા હતા.

### મહારાષ્ટ્રથી રોજ આવે છે ૩૦,૦૦૦ કિલોથી વધુ ફૂલ

# શ્રાવણ માસમાં ફૂલોની માંગમાં ૧૦૦%નો ઉછાળો

**વડોદરા શહેરના તમામ શિવ મંદિરોમાં ભક્તોની ભીડ ઉમટી પડતાં ફૂલોની માંગમાં ૧૦૦%નો જબરદસ્ત વધારો નોંધાયો છે**

વડોદરા, તા.૩૧

શ્રાવણ માસના પવિત્ર દિવસોમાં શિવભક્તિનો માહોલ ચરમસીમાએ છે, અને તેની સીધી અસર ફૂલ બજાર પર જોવા મળી રહી છે. જેમાં વડોદરા શહેરના તમામ શિવ મંદિરોમાં ભક્તોની ભીડ ઉમટી પડતાં ફૂલોની માંગમાં ૧૦૦%નો જબરદસ્ત વધારો નોંધાયો છે. પરિણામે ફૂલોના ભાવ પણ બે ગણા થઈ ગયા છે અને રસ્તાઓ પર રૂ.૩૦માં મળતો ફૂલનો હાર હવે રૂ.૭૦થી રૂ.૮૦માં વેચાઈ રહ્યો છે.

ફૂલ બજારના હોલસેલ વેપારીઓના જણાવ્યા અનુસાર, ગુલાબ સિવાયના મોટાભાગના ફૂલો હાલ મહારાષ્ટ્રના વિવિધ ગામોમાંથી આવી રહ્યા છે. સામાન્ય દિવસોમાં મહારાષ્ટ્રથી ફૂલનો જથ્થો લઈને સરેરાશ ૮થી ૧૦ પિકઅપ વાન વડોદરા આવે છે, પરંતુ શ્રાવણ માસના કારણે આ આંકડો વધીને રોજ ૧૮થી ૨૦ પિકઅપ વાન પર પહોંચી ગયો છે. આ વાહનોમાં આવતા ફૂલનું કુલ વજન ૩૦ હજાર કિલોગ્રામથી પણ વધુ થાય છે. મુખ્યત્ત્વે પીળા અને કેસરી ગલગોટા તેમજ વ્હાઈટ સેવંતી મહારાષ્ટ્રથી આવે છે. જ્યારે ગુલાબ, મોગરો, જુઈ અને લીલી જેવા ફૂલો વડોદરા આસપાસના સ્થાનિક ગામડાઓમાંથી આવે છે.

શ્રાવણ માસમાં ભક્તો મોટી સંખ્યામાં ભગવાન શિવના દર્શનાર્થે મંદિરોમાં જાય છે. આ ઉપરાંત, મહિનામાં આવતા તહેવારોમાં પણ મહિલાઓ દ્વારા થતી પૂજા-વિધિમાં ફૂલોનો વ્યાપક ઉપયોગ કરાય છે. મંદિરોમાં શિવલિંગ પર ફૂલ અને હાર ચઢાવવાથી માંડીને ઘરમાં થતી પૂજા માટે પણ ફૂલોની જરૂર પડતી હોવાથી તેની માંગમાં અનેકગણો વધારો થયો છે. એક પિકઅપ વાનમાં લગભગ ૧૫૦૦ કિલોગ્રામ ફૂલ સમાય છે, જે દર્શાવે છે કે આ સમયગાળામાં ફૂલોનો કેટલો વિશાળ જથ્થો વડોદરા આવી રહ્યો છે. વડોદરા આસપાસના નારેશ્વર, ઈંટાલા, બામણગામ, મોટીકોરલ, પાદરા અને કરજણ જેવા વિસ્તારોમાંથી ગુલાબનો મોટો જથ્થો આવે છે.

ફૂલોની માગ ડબલ થતાં તેના ભાવ પણ આસમાને પહોંચ્યા છે. હોલસેલ વેપારીઓ વજન પર ફૂલનું વેચાણ કરે છે અને નાના વેપારીઓ તેમાંથી હાર બનાવી કે છૂટકમાં વેચીને નફો રળે છે. શ્રાવણ માસમાં ખાસ કરીને સોમવાર અને શનિવારે ફૂલોની માંગ સૌથી વધુ રહે છે. મોગરા અને જુઈ જેવા સુગંધિત ફૂલોના ભાવ તો રૂ.૧૦૦૦ અને રૂ.૧૨૦૦ પ્રતિ કિલોગ્રામ સુધી પહોંચી ગયા છે, જે

સામાન્ય દિવસો કરતાં ત્રણથી ચાર ગણા વધારે છે. વડોદરા માત્ર સ્થાનિક માગને જ નહીં, પરંતુ સમગ્ર મધ્ય ગુજરાતમાં ફૂલોનો સપ્લાય કરે છે. રોજ સવારે ચાર વાગ્યાથી જ ફૂલો ભરેલા ટેમ્પા આવવા માંડે છે અને નડિયાદ, આણંદ, પાવાગઢ, દાહોદ, ગોધરા, રાજપીપળા અને ભરુચ જેવા ત્રણથી ચાર જિલ્લાના વેપારીઓ અહીં ફૂલોની ખરીદી કરવા આવે છે. ફૂલોની ખેતી કરતાં ખેડૂતો પણ સવારે થેલા ભરીને પોતાના ફૂલો વેચવા આવે છે. આ તમામ પ્રવૃત્તિને કારણે વડોદરાના ફૂલ બજારમાં રોજ રૂ.૩૦થી રૂ.૪૦ લાખનો કારોબાર થતો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. આમ, શ્રાવણ માસ વડોદરાના ફૂલ વેપારીઓ માટે સમૃદ્ધિ લઈને આવ્યો છે.

### ટ્રમ્પના ટેરિફ પર લોકસભામાં ભારત સરકારનું નિવેદન

# રાષ્ટ્રહિતને આગળ વધારવા માટે તમામ જરૂરી પગલા ભરીશું

**વાણિજ્ય મંત્રી પીયૂષ ગોયલે અમેરિકા દ્વારા લાદવામાં આવેલા ૨૫ ટકા ટેરિફ પર નિવેદન આપ્યું હતું**

નવી દિલ્હી, તા.૩૧

ઓપરેશન સિંદૂર પર સંસદના બંને ગૃહ રાજ્યસભા અને લોકસભામાં ચર્ચા પૂર્ણ થઈ ગઈ છે. હવે બંને ગૃહોમાં સામાન્ય કામગીરી ચાલી રહી છે. લોકસભામાં પ્રશ્નકાળ દરમિયાન વિપક્ષે હોબાળો મચાવ્યો હતો. વાણિજ્ય મંત્રી પીયૂષ ગોયલે અમેરિકા દ્વારા લાદવામાં આવેલા ૨૫ ટકા ટેરિફ પર નિવેદન આપ્યું હતું.

વાણિજ્ય મંત્રી પીયૂષ ગોયલ અમેરિકન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા કરવામાં આવેલી ટેરિફ જાહેરાત પર લોકસભામાં નિવેદન આપ્યું હતું. પીયૂષ ગોયલે કહ્યું હતું કે, બંને પક્ષો વચ્ચે ચાર રાઉન્ડની દ્વિપક્ષીય બેઠકો યોજાઈ હતી. કરારને અંતિમ સ્વરૂપ આપવા માટે ઘણી મહત્ત્વપૂર્ણ બેઠકો યોજાઈ હતી. આયાત પર ૧૦ થી ૧૫ ટકા ટેરિફ અંગે ચર્ચા થઈ હતી. દ્વિપક્ષીય વેપાર કરાર અંગે ચર્ચા થઈ હતી. કેટલીક વર્ચ્યુઅલ બેઠકો પણ યોજાઈ હતી. અમે આપણા સ્થાનિક ઉદ્યોગોનું રક્ષણ કરીશું. અમે રાષ્ટ્રીય હિતમાં જરૂરી દરેક પગલાં લઈશું. વિશ્વ વિકાસમાં ભારતનું યોગદાન ૧૬ ટકા છે અને આપણે વિશ્વની પાંચ સૌથી મોટી અર્થવ્યવસ્થાઓમાંની એક છીએ. અમેરિકાના આ પગલાની અસરનું મૂલ્યાંકન કરવામાં આવી રહ્યું છે.

પીયૂષ ગોયલના નિવેદન પછી સ્પીકર ઓમ બિરલાએ લોકસભાની કાર્યવાહી દિવસભર માટે મુલતવી રાખવાની જાહેરાત કરી. અગાઉ, સ્પીકરે શૂન્ય કાળની કાર્યવાહી શરૂ કરવાની વાત કરી હતી. પરંતુ વિપક્ષી સભ્યોએ વેલમાં આવીને હંગામો શરૂ કર્યો હતો. આ પછી અધ્યક્ષ સ્થાનેથી સ્પીકરે શુક્રવાર, ૧ ઓગસ્ટના રોજ સવારે ૧૧ વાગ્યા સુધી ગૃહની કાર્યવાહી સ્થગિત કરવાની જાહેરાત કરી.

### ગુજરાતના ૬ ઉમેદવાર ટોપ ૧૦૦માં

# NEET UG- ૨૦૨૫ઃ પ્રોવિઝનલ જનરલ મેરિટ લિસ્ટ જાહેર થયું

નવી દિલ્હી, તા.૩૧

નેશનલ એલિજિબિલિટી કમ એન્ટ્રન્સ ટેસ્ટ NEET (UG) 2025નું પ્રોવિઝનલ જનરલ મેરિટ લિસ્ટ જાહેર કરાયું છે. આજે (૩૧ જુલાઈ) મેડિકલ પ્રવેશ સમિતિ દ્વારા શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬ UG હેઠળના MBBS, BDS સહિતના કોર્સનું પ્રોવિઝનલ મેરિટ લિસ્ટ જાહેર કરવામાં આવ્યું છે. જેમાં ગુજરાતના ૨૪૩૭૪ ઉમેદવારોમાંથી ૬ જેટલા ઉમેદવારોએ ઓલ ઈન્ડિયા ટોપ ૧૦૦માં સ્થાન મેળવ્યું છે.

ગુજરાત સરકારની પ્રોફેશનલ અંડર ગ્રેજ્યુએટ મેડિકલ કોર્ષ (ACPUGMEC), ગાંધીનગર માટે પ્રવેશ સમિતિ દ્વારા વર્ષ ૨૦૨૫-૨૬ માટે મેડિકલ અને ડેન્ટલ કોર્ષ માટે કામચલાઉ મેરિટ યાદી- NEET UG-2025 આધારિત જનરલ મેરિટ લિસ્ટ જાહેર કરવામાં આવ્યું છે. મેરિટ લિસ્ટમાં ઓલ ઈન્ડિયા રેન્કમાં ટોપ ૧૦૦માં ૬ ગુજરાતી છે, જેમાં ૪૧મા ક્રમે ગુજરાતના યગ્નેશ દેસાઈ છે.

ગુજરાત રાજ્યના સક્ષમ અધિકારી દ્વારા મેરિટમાં કેટગરી ક્રમાંક અને ઉમેદવારનો કેટેગરી મેરિટ લિસ્ટ ક્રમાંક પણ લખવામાં આવ્યો છે. ૨૪૩૭૪ ઉમેદવારનું મેરિટ લિસ્ટ જાહેર કરવામાં આવ્યું છે, ત્યારે હવે ACPUGMEC આગળ પ્રવેશ પ્રક્રિયાની આગળની કાર્યવાહી હાથ ધરશે.

### શુભમન ગિલ અને અભિષેક શર્મા નંબર-૧ બેટર

# આઈસીસી રેન્કિંગમાં ટીમ ઈન્ડિયાનો દબદબો રહ્યો

**જસપ્રીત બુમરાહ નંબર-૧ ટેસ્ટ બોલર : રવિન્દ્ર જાડેજા અને હાર્દિક પંડ્યા નંબર-૧ ઓલરાઉન્ડર**

દુબઈ, તા.૩૧

ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે હાલ ટેસ્ટ સીરિઝ રમાઈ રહી છે. ત્યારે પાંચમી અને અંતિમ ટેસ્ટ પહેલા, ICC એ ૩૦ જુલાઈના રોજ લેટેસ્ટ રેન્કિંગ જાહેર કર્યું છે, જેમાં T20 રેન્કિંગ, ટેસ્ટ કરતા વધુ લોકપ્રિયતા મેળવી રહ્યું છે. જેમાં યુવા બેટર અભિષેક શર્માએ ઈતિહાસ રચ્યો છે. તે પહેલીવાર ICC T20 બેટ્સમેન રેન્કિંગમાં નંબર-૧ પર પહોંચ્યો છે. તેણે ટ્રેવિસ હેડને હરાવીને આ સ્થાન મેળવ્યું છે. તેમજ શુભમન ગિલ, જસપ્રીત બુમરાહ, રવિન્દ્ર જાડેજા સહિત ૫ ભારતીય ખેલાડીઓ ત્રણેય ફોર્મેટ (ટેસ્ટ, ODI અને T20) ની વિવિધ કેટેગરીમાં નંબર ૧ પર છે.

મેન્સ ટીમમાં ટેસ્ટ રેન્કિંગમાં ઓસ્ટ્રેલિયા ટીમ ટોચ પર છે, તે ૧૨૪ પોઈન્ટ સાથે નંબર ૧ પર છે. ટીમ ઈન્ડિયા ૧૦૫ પોઈન્ટ સાથે ટેસ્ટ રેન્કિંગમાં ચોથા નંબર પર છે. તેમજ ટીમ ઈન્ડિયા ODI અને T20I માં ટોચ પર છે. ભારત ODI માં ૧૨૪ પોઈન્ટ અને T20 માં ૨૭૧ પોઈન્ટ સાથે વિશ્વની નંબર-૧ ટીમ છે.

જો રૂટ ICC મેન્સ ટેસ્ટ બેટિંગ રેન્કિંગમાં નંબર-૧ સ્થાન પર છે, પરંતુ ભારતીય બેટ્સમેન અન્ય બંને ફોર્મેટમાં ટોચ પર છે. શુભમન ગિલ ૭૮૪ રેટિંગ પોઈન્ટ સાથે ODIમાં પ્રથમ સ્થાન ધરાવે છે. તેમજ અભિષેક શર્માએ ૩૦ જુલાઈના રોજ T20 રેન્કિંગમાં નંબર-૧ બેટરનું સ્થાન મેળવ્યું છે. તેણે ૧ વર્ષ સુધી આ સ્થાન પર રહેલા ટ્રેવિસ હેડને પાછળ છોડી દીધો છે. ICC મેન્સની ટેસ્ટ બોલિંગ રેન્કિંગમાં જસપ્રીત બુમરાહ વિશ્વનો નંબર-૧ બોલર છે. તેના ૮૯૮ રેટિંગ પોઈન્ટ છે. જ્યારે ODI બોલિંગ રેન્કિંગમાં ૬૭૧ પોઈન્ટ સાથે શ્રીલંકાનો મહિષ તિક્ષણા પ્રથમ સ્થાને છે. ભારતીય બોલર કુલદીપ યાદવ ૬૫૦ પોઈન્ટ સાથે આ યાદીમાં બીજા નંબર પર છે. T20 બોલિંગ રેન્કિંગમાં ૭૧૭ પોઈન્ટ સાથે ન્યુઝીલેન્ડના જેકબ ડફી નંબર-૧ પર છે. આ યાદીમાં વરુણ ચક્રવર્તી ત્રીજા નંબર પર છે.

રવિન્દ્ર જાડેજા ICC મેન્સ ટેસ્ટ ઓલરાઉન્ડર રેન્કિંગમાં નંબર-૧ બોલર છે. અફઘાનિસ્તાનના આઝમતુલ્લાહ ઓમરઝાઈ ODI ઓલરાઉન્ડર રેન્કિંગમાં નંબર-૧ છે. તેમજ T20 માં વિશ્વનો નંબર-૧ ઓલરાઉન્ડર હાર્દિક પંડ્યા છે.

ICC રેન્કિંગમાં ત્રણેય ફોર્મેટમાં આ ૫ ખેલાડીઓ નંબર-૧

શુભમન ગિલ - ODI નંબર-૧ બેટર
અભિષેક શર્મા - T20 નંબર-૧ બેટર
જસપ્રીત બુમરાહ - ટેસ્ટ નંબર-૧ બોલર
રવિન્દ્ર જાડેજા - ટેસ્ટ નંબર-૧ ઓલરાઉન્ડર
હાર્દિક પંડ્યા - T20 નંબર-૧ ઓલરાઉન્ડર.

### ચાહકોએ પ્લેટફોર્મ પર આપ્યો આવકાર

# અમિતાભ બચ્ચન હવે ૮૨ વર્ષની ઉંમરે શીખી રહ્યા છે ઇન્સ્ટાગ્રામ

**એક્સ અને ટમ્બલર જેવા પ્લેટફોર્મ પછી બિગ બી વર્ષોથી ઇન્સ્ટાગ્રામ પર પોતાની જિજ્ઞાસા બંને બતાવી રહ્યા છે**

મુંબઈ, તા.૩૧

બોલીવુડના 'મહાનાયક' અમિતાભ બચ્ચન એવા બોલીવુડ સ્ટાર્સમાંના એક છે જે આજના યુવા સ્ટાર્સ કરતાં સોશિયલ મીડિયા પર વધુ સક્રિય છે. એક્સ અને ટમ્બલર જેવા પ્લેટફોર્મ પછી બિગ બી વર્ષોથી ઈન્સ્ટાગ્રામ પર પોતાની જિજ્ઞાસા બંને બતાવી રહ્યા છે. બિગ બીએ તાજેતરમાં એક નાનો વીડિયો શેર કર્યો છે, જે ઘણી બધી હેડલાઈન્સ બનાવી રહ્યો છે.અમિતાભ બચ્ચને ઈન્સ્ટાગ્રામ પર શેર કરતા પહેલા આ વીડિયો પોતાની ઈન્સ્ટા સ્ટોરી પર શેર કર્યો હતો. વીડિયોમાં તેઓ નારંગી રંગના જેકેટ અને મેચિંગ બંદનામાં જોવા મળ્યા હતા. સેલ્ફી સ્ટાઈલમાં શૂટ કરાયેલા આ વીડિયોમાં બિગ બી ખૂબ જ સરળ રીતે કહે છે કે તેઓ ઈન્સ્ટાગ્રામ શીખી રહ્યા છે.વીડિયોમાં બિગ બી કહે છે - હું ઈન્સ્ટાગ્રામનો ઉપયોગ કરવાનું શીખી રહ્યો છું અને મને ખાતરી છે કે તે કામ કરશે...' જોકે, વીડિયો શેર કરતી વખતે તેમણે કોઈ કેપ્શન આપ્યું નથી. હવે



લોકો અમિતાભ બચ્ચનની આ પોસ્ટ પર ઘણી ટિપ્પણીઓ કરી રહ્યા છે.અમિતાભ બચ્ચને આ પોસ્ટ શેર કરતાની સાથે જ ચાહકોની પ્રતિક્રિયાઓ પણ આવવા લાગી. એક યુઝરે લખ્યું- ઈન્સ્ટાગ્રામમાં આપનું સ્વાગત છે અને ચોક્કસ તે તમારા માટે કામ કરશે. બીજાએ લખ્યું- ક્યા બાત હૈ. ચાહકો અને સેલેબ્સ તેમનું હૃદયસ્પર્શી ઈમોજી સાથે સ્વાગત કરી રહ્યા છે.

### ચીન પર નિર્ભર રહેવા નથી માગતું ગૂગલ

# એશિયાનું સૌથી મોટું ડેટા સેન્ટર બનાવવા માટે ગૂગલ ભારતમાં કરશે ઇનવેસ્ટમેન્ટ

**કંપની હવે ૫૨,૦૦૦ કરોડ રૂપિયાનું ઇન્વેસ્ટમેન્ટ કરવા જઈ રહી છે : ગૂગલ હવે AIમાં ખૂબ આગળ વધી રહ્યું છે**

નવી દિલ્હી, તા.૩૧

ગૂગલ દ્વારા હવે ભારતમાં એશિયાનું સૌથી મોટું ડેટા સેન્ટર બનાવવામાં આવશે. આ માટે કંપની હવે ૫૨,૦૦૦ કરોડ રૂપિયાનું ઈન્વેસ્ટમેન્ટ કરવા જઈ રહી છે. ગૂગલ હવે AIમાં ખૂબ જ આગળ વધી રહ્યું છે. તેમ જ એના યુઝર્સ પણ વધુ હોવાથી એને હવે વધુ ડેટા સેન્ટરની જરૂર છે. ગૂગલ હવે તેના ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને વધારી રહ્યું છે. તેમ જ ભારતના ડિજિટલ ટ્રાન્સફોર્મેશન માટે પણ ગૂગલએ પોતાનો સપોર્ટ જાહેર કર્યો હતો. આથી હવે ગૂગલ દ્વારા ભારતમાં ખૂબ જ મોટું ડેટા સેન્ટર બનાવવામાં આવશે.

આ ડેટા સેન્ટરને ગૂગલ દ્વારા આંધ્ર પ્રદેશના વિશાખાપટનમમાં બનાવવામાં આવશે. આ ડેટા સેન્ટરની કેપેસિટી એક ગીગાવોટની હશે જે માટે ૫૨,૦૦૦ કરોડનું ઈન્વેસ્ટમેન્ટ કરશે. આ ડેટા સેન્ટર આગામી ૨૪ મહિનાની અંદર સંપૂર્ણપણે કાર્યરત થઈ જશે એવી ચર્ચા છે. આ ડેટા સેન્ટર એશિયાનું સૌથી મોટું ડેટા સેન્ટર બનવા જઈ રહ્યું છે. ઈન્વેસ્ટમેન્ટની સાથે ડેટા સેન્ટરની કેપેસિટી અનુસાર પણ આ સૌથી મોટું ડેટા સેન્ટર રહેશે. આ ડેટા સેન્ટર બનાવવા માટે ૫૨,૦૦૦ કરોડ રૂપિયાનું ઈન્વેસ્ટમેન્ટ કરવામાં આવશે. જોકે આ સાથે જ ગૂગલની પેરન્ટ કંપની આલ્ફાબેટ ?૧.૭૫ લાખ કરોડ રૂપિયાનું ઈન્વેસ્ટમેન્ટ રીન્યુએબલ એનર્જી પાછળ કરી રહી છે. આ એનર્જીનો ઉપયોગ ડેટા સેન્ટરને વિજળી પહોંચાડવા માટે કરવામાં આવશે. ભારતના ઈકો-ફ્રેન્ડલી ટેક ડેવલપમેન્ટ ઓપરેશન પ્રોજેક્ટ હેઠળ આ ઈન્વેસ્ટમેન્ટ કરવામાં આવશે.

ગૂગલ હવે ભારતના ક્લાઉડ અને ડેટા સેન્ટરની ક્ષમતા પર ફોકસ કરી રહ્યું છે. તે હવે ભારતમાં આ ઈન્ફ્રાસ્ટ્રક્ચર વધારી રહ્યું છે. આ પાછળનું કારણ એ છે કે તે હવે ચીન પર નિર્ભર રહેવા નથી માગતું. એપલ મુખ્યત્વે ચીનના મેન્યુફેક્ચર પર નિર્ભર હતું. જોકે ડોનાલ્ડ ટ્રમ્પના ટ્રેડ વોરને કારણે એના પર અસર થઈ હતી. ત્યારથી દરેક કંપની હવે તેમનું પ્રોડક્શન અને અન્ય ડિપાર્ટમેન્ટ એક જ જગ્યાએ રાખવું પસંદ નથી કરતી. ગૂગલ પણ હવે ભારતમાં મોટું ડેટા સેન્ટર બનાવવા પર ધ્યાન આપી રહ્યું છે જેથી તેની કાર્યક્ષમતા વધે અને કંપનીનો ભાર અલગ-અલગ જગ્યા પર વહેંચી શકાય. ગૂગલ હવે દરિયાની અંદર આવેલા તેના કેબલ સ્ટેશનમાં વધારો કરી રહ્યું છે. વિશાખાપટનમમાં આવા ત્રણ વધુ સ્ટેશન બનાવવામાં આવશે જેના કારણે ઈન્ટરનેટની વધુ સારી સુવિધા મળી શકશે.

આંધ્રપ્રદેશનું લક્ષ્ય છે કે આગામી પાંચ વર્ષમાં તેમના રાજ્યમાં અંદાજે ૬ ગીગાવોટના ડેટા સેન્ટર હોવા જોઈએ. આ માટે અત્યાર સુધીમાં ૧.૬ ગીગાવોટના સ્ટેશનને પરવાનગી મળી ગઈ છે. આ ડેટા સેન્ટર માટે અંદાજે ૧૦ ગીગાવોટની એનર્જી જરૂરી છે. આથી સરકાર દ્વારા તેમના એનર્જી ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં વધારો કરવામાં આવી રહ્યો છે.

ગૂગલની પેરન્ટ કંપની આલ્ફાબેટ હવે ૨૦૨૫માં દુનિયાભરમાં ટોટલ $75 બિલિયન અમેરિકન ડોલરનું રોકાણ કરી રહી છે. આ રોકાણ ફક્ત ડેટા સેન્ટર માટે છે. આથી ભારતમાં ૫૨,૦૦૦ કરોડનું ઈન્વેસ્ટમેન્ટ દર્શાવે છે કે ગૂગલને ભારતના માર્કેટ પાસેથી કેટલી અપેક્ષા છે.

### સરકારે આઠમા પગાર પંચની રચનાનો નિર્ણય લઈ લીધો છે

# આઠમાં પગાર પંચ અંગે સરકારે સંસદમાં આપી મહત્ત્વની જાણકારી

**પ્રમુખ હિતધારકો પાસે તેની ભલામણો મંગાવવામાં આવી છે : તેનું સત્તાવાર નોટિફિકેશન ટૂંકમાં જાહેર કરવામાં આવશે**

નવી દિલ્હી, તા.૩૧

કેન્દ્રીય કર્મચારીઓ દ્વારા કાગડોળે રાહ જોવાઈ રહેલા આઠમા પગાર પંચ વિશે સંસદ ગૃહમાં મહત્ત્વની અપડેટ આપવામાં આવી છે. કેન્દ્ર સરકારે મોનસૂન સત્ર દરમિયાન રાજ્યસભામાં આઠમા પગાર પંચ વિશે પૂછાયેલા સવાલોના જવાબ આપતાં કેન્દ્રીય નાણાં રાજ્યમંત્રી પંકજ ચૌધરીએ મહત્ત્વની જાણકારી આપી હતી.

પંકજ ચૌધરીએ જણાવ્યું હતું કે, સરકારે આઠમા પગાર પંચ (CPC)ની રચનાનો નિર્ણય લઈ લીધો છે. પ્રમુખ હિતધારકો પાસે તેની ભલામણો મંગાવવામાં આવી છે. તેનું સત્તાવાર નોટિફિકેશન ટૂંકસમયમાં જાહેર કરવામાં આવશે. રક્ષા મંત્રાલય, ગૃહ મંત્રાલય, કર્મચારી અને તાલીમ વિભાગ તથા રાજ્યો સહિતના પ્રમુખ હિતધારકો પાસે ભલામણો મંગાવી છે. તેઓએ નિર્ધારિત સમય મર્યાદાની અંદર ભલામણો આપવાની રહેશે.

દેશના ૧ કરોડથી વધુ કેન્દ્રીય કર્મચારીઓ અને પેન્શનર્સ આઠમા પગાર પંચની કાગડોળે રાહ જોઈ રહ્યા છે. વર્તમાનમાં સાતમું પગાર પંચ લાગુ છે. જેનો સમયગાળો ડિસેમ્બર, ૨૦૨૫માં પૂર્ણ થવાનો છે. દર ૧૦ વર્ષે નવા પગાર પંચની રચના કરવામાં આવે છે. જે તે સમયની આર્થિક પરિસ્થિતિઓને ધ્યાનમાં રાખતાં કેન્દ્ર સરકારના કર્મચારીઓ અને પેન્શનર્સના પગાર તથા પેન્શનમાં સંશોધન થાય છે. આ વર્ષે જાન્યુઆરીમાં આઠમા પગાર પંચની જાહેરાત થઈ હતી.

આઠમા પગાર પંચની ભલામણો વર્ષ ૨૦૨૬ના મધ્ય સુધી લાગુ થઈ શકે છે. પંચ ફિટમેન્ટ ફેક્ટરના આધારે પગારમાં વધારો કરી શકે છે. જેનાથી કેન્દ્રીય કર્મચારીઓના પગારમાં વૃદ્ધિ થશે. કોટક ઈન્સ્ટીટ્યુશનલ ઈક્વિટીઝ દ્વારા તાજેતરમાં જાહેર રિપોર્ટ અનુસાર, આઠમા પગાર પંચનું ફિટમેન્ટ ફેક્ટર ૧.૮ રહી શકે છે. જેનાથી બેઝિક પે આશરે ૧૩ ટકા સુધી વધી શકે છે. કેન્દ્ર સરકારના કર્મચારીઓના પગારમાં વાસ્તવિક વધારો સંપૂર્ણપણે કમિશન તરફથી ભલામણ કરવામાં આવેલા ફિટમેન્ટ ફેક્ટર પર નિર્ભર હોય છે. જેની મદદથી કર્મચારીઓના બેઝિક પેની ગણતરી કરવામાં આવે છે.

### અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે સંકેત આપ્યા

# ભારત અને રશિયાનું અર્થતંત્ર મૃત છે, અમારે તેમની સાથે વેપાર જ નથી કરવો

**સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ટ્રૂથ પર અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે લખ્યું,મને કોઈ ફરક નથી પડતો કે ભારત રશિયા સાથે શું કરે છે**

વોશિંગ્ટન, તા.૩૧

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા ભારત પર ૨૫% ટેરિફ લગાવવાનો નિર્ણય લીધો છે. હવે તેમણે રશિયા અને ભારતના અર્થતંત્રને મૃત ગણાવ્યો છે. ડોનાલ્ડ ટ્રમ્પ એ પણ સંકેત આપ્યા છે કે, કે અમેરિકા હવે આ બંને દેશ સાથે વધુ વેપાર કરવા માંગતું નથી. નોંધનીય છે કે, રશિયા પાસેથી ક્રૂડ ખરીદવા બદલ અમેરિકાએ ભારત પર ટેરિફ લગાવ્યો છે.

સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ટ્રૂથ પર અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે લખ્યું,મને કોઈ ફરક નથી પડતો કે ભારત રશિયા સાથે શું કરે છે. મને ફક્ત એ જ ફરક પડે છે કે તે મળીને પોતાના મૃત અર્થતંત્રને કેવી રીતે નીચે લાવી શકે છે. અમે ભારત સાથે ખૂબ જ ઓછો વેપાર કર્યો છે કારણ કે તેમના ટેરિફ ખૂબ ઊંચા છે. રશિયા અને અમેરિકા પણ લગભગ કોઈ વેપાર કરતા નથી. ચાલો તેને આ રીતે જ રાખીએ.


રશિયાના પૂર્વ પ્રમુખ દિમિત્રી મેદવેદેવ પર પ્રહાર કતરતા ડોનાલ્ડ ટ્રમ્પે લખ્યું રશિયાના નિષ્ફળ પૂર્વ પ્રમુખ દિમિત્રી મેદવેદેવ હજુ પણ પોતાને પ્રમુખ માને છે. તેણે પોતાના શબ્દો પર ધ્યાન આપવું જોઈએ. તે ખૂબ જ ખતરનાક ક્ષેત્રમાં પ્રવેશી રહ્યા છે.

ઉલ્લેખનીય છે કે,રશિયાના પૂર્વ પ્રમુખ દિમિત્રી મેદવેદેવે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર લખ્યું હતું કે, અમેરિકાના પ્રખુખ ડોનાલ્ડ ટ્રમ્પ રશિયા સાથે અલ્ટિમેટમ ગેમ રમી રહ્યા છે અને આવા દ્રષ્ટિકોણ અમેરિકાને રશિયા સાથે યુદ્ધ તરફ દોરી શકે છે.

અમેરિકાએ ફરી એકવાર ભારત પર ૨૫% ટેરિફ ઝીંક્યો છે. ૩૦ જુલાઈના રોજ, ટ્રૂથ સોશિયલ પર એક પોસ્ટ કરીને અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું હતું કે, ભારત રશિયા પાસેથી ખૂબ જ મોટા પાયે શસ્ત્રો અને ઓઈલ ખરીદી રહ્યું છે. હાલ આખું વિશ્વ ઈચ્છે છે કે, રશિયા યુક્રેનમાં હુમલા કરવાનું બંધ કરે. આ બધું યોગ્ય નથી થઈ રહ્યું. આ માટે ભારતે પણ ૨૫% ટેરિફ અને દંડ ચૂકવવો પડશે. આ નિયમ પહેલી ઓગસ્ટથી લાગુ થઈ જશે. આભાર. મેક અમેરિકા ગ્રેટ અગેઈન. અમેરિકા ભારત પાસેથી તેના કૃષિ અને ડેરી ઉત્પાદનો અને આનુવંશિક રીતે સુધારેલા પાક માટે બજારો ખોલવા અને તેમના પરના ટેરિફ ઘટાડવાની માગ કરી રહ્યું છે. અમેરિકા ઈચ્છે છે કે ભારત આ ક્ષેત્રોમાં ૧૦૦ ટકા સુધી ટેરિફ દૂર કરે અથવા ઘટાડે. ભારત આ માટે સંમત નથી. ભારત સંમત ન થવાનું કારણ એ છે કે ભારતમાં વસ્તીનો મોટો વર્ગ આનાથી પ્રભાવિત થશે. ખાસ કરીને નાના ખેડૂતો આનાથી પ્રભાવિત થઈ શકે છે.

# સાવરકુંડલામાં રક્ષાબંધન પર્વ નિમિત્તે રાખડીની ખરીદીનો માહોલ વેગ પકડી રહ્યો છે



ભારતીય સંસ્કૃતિનું અનોખું પર્વ એટલે રક્ષાબંધનનું પર્વ. સાવરકુંડલા શહેરમાં રક્ષાબંધન પર્વ નિમિત્તે ભાઈ બહેનના પવિત્ર પ્રેમના પ્રતિક સમા વિવિધ પ્રકારની અનેક આકર્ષકરંગોઅનેડીઝાઈનમાંરાખડીનું વેચાણ થઈ રહ્યું છે. આમ તો હજુ રક્ષાબંધનનેએકસપ્તાહનીવારછેપરંતુ સાવરકુંડલાનીબઝારમાહાલઅવનવી રાખડીનું વેચાણ થઈ રહ્યું છે. આમ તો સવારથી જ ખાસ કરીને બહેનો પોતાના ભાઈ ભાભી માટે રાખડીઓ ખરીદતી જોવા મળે છે. જો કે સાવરકુંડલા શહેરના રાખડીના વેપારી શ્રીજી રાખડી સ્ટોરના રાજેશભાઈ રાજાના જણાવ્યા મુજબ હજુ રાખડીનું વેચાણ ધીમી ગતિએ થઈ રહ્યુ છે. આગામી દિવસોમાં રાખડીની ઘરાકી પુરજોશમાં થાય તેવી આશા છે. તો રાખડી ખરીદ્યા પછી તેને કુરિયર અને પોસ્ટના માધ્યમથી આ રાખડીઓ નિર્ધારિત સ્થળે સયમસર પહોંચે તે માટે ખાનગી કુરિયર સર્વિસ અને પોસ્ટ વિભાગ સતત પ્રયત્નશીલ રહે છે. સાવરકુંડલા પોસ્ટ વિભાગ દ્વારા પણ રાખડીઓ દૂર દૂર ગામડાઓમાં પણ પહોંચાડવાનું કાર્ય પોસટમેન નિષ્ઠાપૂર્વક કરે છે. જયારે ખાનગી કુરિયર સર્વિસ વાળા પણ રાખડી સમયસર મોકલનારને સ્નેહીઓને સમયસર પહોંચે તે માટે સતત પ્રયત્નશીલ રહે છે. જો કે ખાનગી કુરિયર સર્વિસ ક્ષેત્રે છેલ્લા દસ વર્ષથી આ વ્યવસાય સાથે સંકળાયેલા જણાવ્યું હતું આ વર્ષે રાખડી મોકલવાની ઘરાકી ઓછી જોવા મળી રહી છે. કારણ કે માર્કેટમાં મંદીનો માહોલ જોવા મળે છે. જો કે હવે ભાઈને રૂબરૂ રાખડી બાંધવાનો ક્રેઝ પણ વધતો જાય છે એટલે ભાઈને ત્યાં પરણિત બહેન રૂબરૂ જઈને મોં મીઠું કરાવીને ભાઈને રેશમ કી ડોર અર્થાત સ્નેહના તાંતણે ભાઈના કાંડે રાખડી બાંધી તેના મંગલ જીવનની કામના કરે છે. ભાઈ પ્રસન્ન થઈને બહેનને ભેટ સોગાદ સ્વરૂપે ધનરાશિ અર્પણ કરે છે. અને બહેનના જીવનમાં કોઈ મુસ્કેલી ન આવે તેવા શુભાષિશ પણ પાઠવે છે. સાથે સાથે પોતાના ભાભીને પણ રાખડી બાંધી સુખી દાંપત્ય જીવનની મંગલ કામના કરે છે. એકંદરે ભારતીય સંસ્કૃતિનો પવિત્ર તહેવાર રક્ષાબંધનનું પર્વ ધામધૂમથી ઉજવવામાં આવે છે. ભારતીય સંસ્કૃતિની ઈતિહાસ જોઈએ તો કુંતામા એ અભિમન્યુને રાખડી બાંધી તેની રક્ષાની મંગલકામના કરી હતી. તો ઈતિહાસમાં રાણી કર્ણાવતીએ હૂમાયુંને મોકલેલ રાખડીની વાત આજે પણ રક્ષાબંધનના મહત્વ વિશે એક અનોખું સ્થાન ધરાવે છે.

## પાના ૧ ઉપરનું ચાલું બાબરાનાં કોટડાપીઠાનાં વેપારી યુવક

જમા કરાવી ક્રિપ્ટો કરન્સીમાં ટ્રેડીંગની ટીપ્સ આપી હતી અને આરોપી મહિલાએ વેપારી યુવકને શરૂઆતમાં રૂપિયા ૧૨,૦૦૦નો પ્રોફીટ કરી પણ પાછો આપેલ હતો. અને બાદમાં આરોપી મહિલાએ વધુ રોકાણ કરવાની લાલચ આપી વેપારી યુવકને M/S SR TRADERS AND ECOMMERCE ના IDFC FIRST BANK ખાતા નંબર–૧૦૨૩૨૦૩૬૫૯૬માં રૂપિયા ૮,૦૦,૦૦૦ જમા કરાડાવેલ હતાં. જેમાંથી મહિલાએ રૂપિયા ૨,૦૦,૦૦૦ વિડ્રોલ કરાવી વેપારી યુવકને પરત આપેલ હતાં. બાદમાં વધુ ફાયદો કરાવી આપવાના નામે વેપારી યુવકના ટ્રેડીંગ એકાઉન્ટમાં મહિલાએ રૂપિયા ૨૫,૦૦,૦૦૦ પાઉન્ડમાં જમા કરાવેલ હતાં. જે વેપારી યુવકે રૂપિયા વીડ્રોલ કરવા માટે રીકવેસ્ટ મોકલતા રૂપિયા વીડ્રોલ થયેલ નહી અને વેપારી યુવકને આરોપી મહિલાએ કહેલ કે, તમારા ખાતામાં વિદેશથી રૂપિયા જમા થયેલ હોય જેથી મની લોડ્રીગનો કેસ લાગે. જેથી તમે પહેલાં રૂપિયા ૨૫,૦૦,૦૦૦ બેન્ક એકાઉન્ટમાં જમા કરાવો અને ત્યાર બાદ જ એકાઉન્ટમાં રહેલ રકમ વિડ્રોલ થશે. તેમ કહી વેપારી સાથે મહિલા આરોપીએ ઓનલાઈન રૂપિયા ૮,૦૦,૦૦૦ની વિસઘાત તથા છેતરપીંડી કર્યાની વેપારી યુવકે પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)
સ્થળ:-શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ (ગર્લ્સ), ચક્કરગઢ રોડ, અમરેલી. -Ad 118
સંકુલ ધો. ૧૧-૧૨ કોમર્સ – ગર્લ્સ સ્કૂલ પ્રવેશ
સંકુલ ધો. ૧૧-૧૨ કોમર્સ – મિશ્ર સ્કૂલ પ્રવેશ
સંકુલ ધો. ૧૧-૧૨ કોમર્સ – ઈ.મી. સ્કૂલ પ્રવેશ
સંકુલ ધો. ૧૧-૧૨ આર્ટસ – ગર્લ્સ સ્કૂલ પ્રવેશ
સંકુલ ધો. ૧૧-૧૨ આર્ટસ – મિશ્ર સ્કૂલ પ્રવેશ

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૧૦૩૨ | ૧૦૩૫ |
| ૨ | શિંગ મોટી | ૧૦૪૧ | ૧૧૦૦ |
| ૩ | શિંગદાણા | ૧૨૦૦ | ૧૪૭૬ |
| ૪ | શિંગાદાણા ફાડા | ૧૦૫૦ | ૧૩૩૦ |
| ૫ | તલ સફેદ | ૧૦૪૦ | ૨૦૬૨ |
| ૬ | તલ કાળા | ૨૦૦૦ | ૩૯૮૦ |
| ૭ | તલ કાશ્મીરી | ૧૭૦૦ | ૨૩૭૨ |
| ૮ | બાજરો | ૩૪૨ | ૫૧૩ |
| ૯ | જુવાર | ૨૭૧ | ૩૦૦ |
| ૧૦ | ઘઉં ટુકડા | ૪૭૫ | ૫૫૧ |
| ૧૧ | ઘઉં લોકવન | ૪૬૫ | ૫૬૯ |
| ૧૨ | મગ | ૧૨૮૦ | ૧૪૮૧ |
| ૧૩ | ચણા | ૯૪૦ | ૧૨૧૨ |
| ૧૪ | સફેદ ચણા | ૧૧૬૧ | ૧૧૮૨ |
| ૧૫ | તુવેર | ૧૦૧૫ | ૧૧૭૬ |
| ૧૬ | કપાસ | ૯૧૨ | ૧૬૮૪ |
| ૧૭ | એરંડા | ૯૪૪ | ૧૨૬૬ |
| ૧૮ | જીરૂ | ૨૩૦૦ | ૩૪૨૫ |
| ૧૯ | ગમ ગુવાર | ૮૧૦ | ૮૮૦ |
| ૨૦ | ધાણા | ૧૧૧૦ | ૧૩૨૫ |
| ૨૧ | અજમા | ૫૫૬ | ૧૨૦૦ |
| ૨૨ | મેથી | ૬૭૦ | ૮૭૫ |

## પાના ૮ ઉપરનું ચાલું ખાંભાનાં 3 આરોગ્ય કેન્દ્રમાં

ડોકટર, સુપરવાઈઝર, નર્સ, ફાર્માસીસ્ટ સહિત જગ્યાઓ ખાલી હોવાથી સ્થાનિક દર્દીઓ અને રાહદારીઓ મુશ્કેલીમાં મુકાયા છે અને કોઈને સારવાર મળતી નથી ના છૂટકે દર્દીનારાયણને પ્રાઈવેટ હોસ્પિટલમાં જવાની ફરજ પડે છે.

ખાંભા તાલુકાની અંદર કુલ ત્રણ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર આવેલા છે જેમાં ડેડાણ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં એમ.બી.બી.એસ. મેડિકલ ઓફિસર, આયુષ મેડિકલ ઓફિસર, બે નર્સ, ફાર્માસિસ્ટ સહિત જગ્યા ખાલી છે તેમજ ખડાધાર પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં આયુષ મેડિકલ ઓફિસરની જગ્યા, ફાર્માસિસ્ટ, એમ.પી.એચ.એસ. તેમજ સુપરવાઈઝરની જગ્યા ખાલી છે અને મોટા સમઢીયાળા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં આયુષ મેડિકલ ઓફિસર સહિતની જગ્યાઓ ખાલી હોય તેમજ આ ત્રણેય પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની એમ્બ્યુલન્સ ૧૦૮ને સોંપેલ છે આગળના સમયમાં એમ્બ્યુલન્સનું સંચાલન ૧૦૮ દ્વારા થવાનું છે તેમજ ડેડાણ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં, બે ડોકટર જગ્યા ૩ માંથી ખાલી છે. હાલ દર્દીઓ માટે પેટા આરોગ્ય કેન્દ્રમાંથી સી.એચ.ઓ.ને પોસ્ટિંગ આપી દર્દીઓને સારવાર અપાવી એ છીએ અને આ બાબતે જિલ્લા અને રાજયકક્ષાએ એમ.બી.બી.એસ. મેડિકલ ઓફિસર અને આયુષ મેડિકલ ઓફિસર આપવા જાણ કરી હોવાનું તાલુકા હેલ્થ અધિકારી ગોસ્વામીએ જણાવ્યું હતું.

## પાના ૮ ઉપરનું ચાલું બગસરા ભાજપનાં ઉપપ્રમુખ

આયોજન કરવામાં આવ્યું હતું ના તો મશાલ જોવા મળી છે કે ના તો બગસરામાં રેલી માં જોવા મળી છે ભાજપના અંદરો અંદરના લીધે મસાલરેલીનું માત્રને માત્ર ફોટા પડાવી કાર્યક્રમ થઈ ગયો તેવું જાહેર કર્યુ હતું તાજેતરમાં જ ભાજપના નવા નિમાયેલ હોદ્દેદાર ઉપપ્રમુખ તરીકે નીરવ ગોંડલીયા તથા મંત્રી તરીકે મહેશ માંડલિયા એ હોદ્દા પરથી રાજીનામું આપ્યું બગસરામાં શહેર ભાજપ પ્રમુખ વરણી થતા બગસરા ભાજપમાં વિખવાદ ચરમશીમાએ પહોંચ્યો છે બગસરાના પાયાના પથ્થર તથા ભાજપના સભ્યો જે માત્ર ચૂંટણીમાં યાદ કરતા હોય અને મત ભેગા કરવા માટે તેનો કોન્ટેક્ટ કરી અને બોલાવવામાં આવતા હોય એવાને કોઈ કાર્યક્રમમાં બોલાવવામાં આવતા નથી આતો રામાયણમાં જેમ રાવણને કુંભકર્ણને જરૂર પડે અને જગાડવામાં આવે તેમ આવા કાર્યકર્તાઓને ચૂંટણી સમયે બોલાવવામાં આવે છે તેથી તે કાર્યકર્તાઓમાં રોષ જોવા મળ્યો છે ત્યારે હવે ભાજપમાં પોતાના અંગત માણસો હોય તેને ફોન કરીને બોલાવવામાં આવે છે અને તેઓ ફોટા પડાવીને ઉપર મોકલી આપે છે અને કહે છે કે કાર્યક્રમ થઈ ગયો આવું જ રહ્યું તો ભાજપ પક્ષને આગામી ચૂંટણીઓમાં ભારે નુકસાન જશે તેવું કાર્યકર્તાઓમાં ગણગણાટ જોવા મળ્યો છે.

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ મોટી | ૯૦૦ | ૧૧૦૦ |
| ૨ | તલ સફેદ | ૧૩૫૦ | ૧૯૬૪ |
| ૩ | તલ કાળા | ૩૩૦૦ | ૩૯૧૦ |
| ૪ | જીરૂ | ૩૫૦૦ | ૩૬૦૦ |
| ૫ | કપાસ | ૧૪૦૦ | ૧૬૭૦ |
| ૬ | ઘઉં લોકવન | ૪૪૦ | ૫૧૫ |
| ૭ | ઘઉં ટુકડા | ૪૮૦ | ૫૫૫ |
| ૮ | બાજરો | ૩૫૦ | ૫૨૫ |
| ૯ | જુવાર | ૫૫૦ | ૭૮૦ |
| ૧૦ | મગ | ૧૨૦૦ | ૧૫૦૨ |
| ૧૧ | અડદ | ૧૦૦૦ | ૧૫૦૦ |
| ૧૨ | ચણા | ૧૦૭૫ | ૧૨૧૩ |
| ૧૩ | તુવેર | ૧૦૦૦ | ૧૩૨૫ |
| ૧૪ | એરંડી | ૧૧૫૦ | ૧૩૦૦ |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૫૫૦ | ૧૬૨૧ |
| ૨ | કપાસ મીડીયમ | ૧૪૪૦ | ૧૫૪૦ |
| ૩ | મગફળી | ૧૦૩૦ | ૧૧૦૦ |
| ૪ | જીરૂ | ૩૦૭૦ | ૩૫૬૦ |
| ૫ | તલ સફેદ | ૧૫૫૫ | ૧૭૩૫ |
| ૬ | તલ કાળા | ૨૭૧૦ | ૩૮૯૦ |
| ૭ | ઘઉં | ૪૭૦ | ૫૨૦ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | તલ સફેદ | ૧૪૫૧ | ૧૮૭૫ |
| ૨ | તલ કાળા | ૨૯૯૨ | ૨૯૯૨ |
| ૩ | તલ પીળા | ૧૯૦૧ | ૧૯૦૧ |
| ૪ | કપાસ | ૧૫૫૧ | ૧૫૫૧ |
| ૫ | બાજરો | ૩૫૦ | ૫૩૦ |
| ૬ | ઘઉં ટુકડા | ૪૯૦ | ૫૫૦ |
| ૭ | જુવાર | ૪૩૫ | ૮૫૧ |
| ૮ | તુવેર | ૧૦૫૧ | ૧૦૫૧ |
| ૯ | ચણા | ૧૨૭૫ | ૧૨૭૫ |
| ૧૦ | અજમા | ૧૪૦૦ | ૧૪૦૦ |

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | મગફળી | ૮૯૦ | ૯૫૦ |
| ૨ | ઘઉં | ૪૪૦ | ૫૧૩ |
| ૩ | ચણા | ૧૧૬૫ | ૧૧૭૫ |
| ૪ | ધાણા | ૧૨૦૦ | ૧૨૦૦ |
| ૫ | બાજરો | ૩૦૦ | ૩૦૦ |
| ૬ | શીંગ ફાડા | ૧૨૦૧ | ૧૨૦૧ |
| ૭ | તલ કાળા | ૩૧૦૦ | ૩૧૦૦ |
| ૮ | તલ સફેદ | ૧૪૩૪ | ૧૪૩૪ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | ઘઉં લોકવન | ૪૦૦ | ૫૩૩ |
| ૨ | ઘઉં ટુકડા | ૫૨૭ | ૫૨૭ |
| ૩ | ચણા | ૯૩૦ | ૧૧૫૦ |
| ૪ | તલ સફેદ | ૧૪૬૫ | ૧૮૨૫ |
| ૫ | સોયાબીન | ૭૫૦ | ૮૨૭ |
| ૬ | એરંડી | ૧૨૦૦ | ૧૨૦૦ |
| ૭ | ધાણા | ૧૨૦૦ | ૧૨૦૦ |
| ૮ | મગ | ૧૧૫૦ | ૧૧૫૦ |
| ૯ | શીંગફાડા | ૧૨૦૦ | ૧૨૦૦ |
| ૧૦ | મગફળી | ૭૩૫ | ૮૦૦ |

## પાના ૧ ઉપરનું ચાલું સાવરકુંડલામાં અપુરતી સુવિધા

રસ્તા, ગટર જેવા વિકટ પ્રશ્નોને વાચા આપવા અને આ તંત્રને જગાડવા માટે આવેદનપત્ર પાઠવામાં આવેલ છે. આવેદનપત્રમાં નીચેના મુદ્દાઓ સમાવિષ્ટ છે.

સાવરકુંડલા શહેરમાં વિવિધ વિસ્તારમાં ખોટી આકારણી કરી અને નાના અને ગરીબ માણસોને જે હાલમાં બેકારી અને બેરોજગારી અને ગરીબાઈથી જીવતા નાના અને શ્રીમાંત માણસો કે જે રોજે રોજનું ખાતા હોય તેમની ઉપર કમર તોડ ટેક્ષ વધારવામાં આવે છે અને પઠાણી ઉઘરાણી કરવામાં આવે છે અને દાદાગીરી કરવામાં આવે છે અને ગુજરાત મ્યુનિસિપાલટી એકટ મુજબ વ્યાજ લેવાની જોગવાઈ ના હોવા છતાં લોકોને ડરાવી ધમકાવી કાયદાની કોઈપણ પ્રકારની જોગવાઈ દર્શાવ્યા વગર ખોટી રીતે જાહેર નોટીસ પ્રસિદ્ધ કરી અને ૧૮% નું વ્યાજ લેવા માટે લોકોને ડરાવવાની કોશિષ કરવામાં આવે છે. જે કાયદા વિરૂધ્ધ હોય અને લોકો પાસે પૈસા ના હોય, ખાવા ધાન ન હોય, રોજગાર ન હોય, જે ટેક્ષ લેવામાં આવે છે તે મુજબ સફાઈ, પાણી, ગટર, સ્ટ્રીટ લાઈટ, શિક્ષણ મળતું નથી, આખા શહેરમાં ગટરો ઉભરાઈ છે, રોડ રસ્તા ખરાબ છે અને તેમાં ખાડાઓ પડી ગયેલ છે તેમાં મોટો ભ્રષ્ટાચાર થઈ રહેલ છે. પુરતા પ્રમાણમાં પાણી મળતું નથી, ગટરના પાણી પીવાના પાણી સાથે ભળી જાય છે. લોકોને નગરપાલિકા તરફથી મૂળભૂત સુવિધાઓ મળતી નથી અને માથેથી ખોટી આકારણીઓ કરી અને ખોટા ટેક્ષ ઉઘરાવાની પેરવી કરવામાં આવે છે. તાત્કાલિક અસરથી આ ૧૮% નો ગેરકાયદેસરનો ટેક્ષનો હુકમ દુર કરવા માંગણી છે તેમજ તટસ્થ રીતે ફરીવાર મકાન મિલ્કતની આકારણી કરવામાં આવે તેવી માંગણી કરવામાં આવેલ.

સાવરકુંડલાનાં વિવિધ વિસ્તારમાં ઘણા સમયથી ગટરો ઉભરાઈ, ગટરોની કુંડી તૂટી ગયેલી છે અને ઉભરાઈ છે, પાણીની લાઈન અને ગટર લાઈન નગરપાલિકાની બેદરકારીનાં કારણે એક સાથે ચાલતી હોય, પાણીની લાઈનમાં ગટરના પાણી ભળી જતા હોય, અનેક રજૂઆત કરવા છતાં વોર્ડ નંબર ૮, વોર્ડ નંબર ૭ તથા વોર્ડ નંબર ૫ તથા તમામ વોર્ડમાં વિકટ પ્રશ્ન છેલ્લા ૪ વર્ષથી ઉભો થયેલ હોય અને નગરપાલિકા દ્વારા આ પ્રશ્નનો કોઈ હાલ નિકાલ કરવામાં આવેલ નથી. જેના લીધે સાવરકુંડલાની જનતા ઉપર આરોગ્યનો ખતરો ઉભો થયેલ છે. તો તાત્કાલિક અસરથી સાવરકુંડલાની તમામ ગટરો સાફ કરવામાં આવે અને તૂટી ગયેલી કુંડીઓ રીપેર કરવામાં આવે અને તેની સફાઈ કરવામાં આવે તેવી માંગણી કરવામાં આવેલ .

સાવરકુંડલાનાં વિવિધ વિસ્તારમાં રોડ રસ્તાની હાલત ખુબજ ખરાબ હાલતમાં છે, મેઈન રોડ તથા અંદરના રોડમાં ખુબજ મોટા ખાડા પડી ગયેલ છે, સમય મર્યાદા નક્કી કરેલ હોવા છતાં રોડની ત્રણ વર્ષની રીપેરીંગની જવાબદારી હોવા છતાં કોઈ ખાડા કે રીસરફેસિંગની કામગીરી કરવામાં આવતી જ નથી જેના કારણે સાવરકુંડલાની આમ જનતા પારાવાર તકલીફો ભોગવી પડે છે. વારંવાર અકસ્માતો થાય છે અને વૃદ્ધો અને બાળકોનો ભોગ પણ લેવાઈ છે, તાત્કાલિક અસરથી સાવરકુંડલાનાં સમસ્ત વિસ્તાર રોડ રસ્તાના ખાડા પુરવામાં આવે અને જવાબદાર કોન્ટ્રાકટરો સામે પગલા લેવામાં અને તેમની ડીપોઝીટ જપ્ત કરવામાં આવે તેવી માગણી કરવામાં આવેલ.

સાવરકુંડલા નગરપાલિકામાં છેલ્લા ૪ વર્ષથી બાંધકામ શાખામાં પાણી શાખામાં હાઉસટેક્ષ શાખા, ગટર તથા સફાઈ શાખામાં ખુબજ મોટા પ્રમાણમાં ભ્રષ્ટાચાર થાય છે, જરૂરીયાત ન હોવા છતાં નગરપાલિકાનાં હોદેદારો દ્વારા ખોટા રોજમદારો રાખી ખોટા ઠરાવોનાં આધારે ખોટા પગાર ઉધારવામાં આવે છે અને આમ કરી સાવરકુંડલા નગરપાલિકાની સ્વભંડોળની રકમ જે આમ જનતાના સુવિધા માટે હોય છે તેના બદલે સત્તાધીશો દ્વારા ખિસ્સા ભરવામાં આવે છે. તાત્કાલિક અસરથી દરેક ખાતાની તપાસ કરવામાં આવે અને ભ્રષ્ટાચાર બંધ કરવામાં આવે તેમજ ખોટા રોજમદારો દુર કરવામાં આવે તેવી માંગણી કરવામાં આવેલ છે અને અંતમાં સાવરકુંડલા શહેર કોંગ્રેસ દ્વારા ચિમકી પણ ઉચારેલ છે. જો આ માંગણીઓ સંતોષવામાં નહી આવે અને યોગ્ય રીતે દિન–૧૫ માં કાર્યવાહી કરવામાં નહી આવે તો ઉપવાસ આંદોલન, ગામ બંધ કરવાનું આવેદન તેમજ કાનૂની રાહે કાર્યવાહી કરવાની ફરજ પડશે તેમજ ગાંધી ચિંધ્યા માર્ગે ઉપવાસ આંદોલન કરવામાં આવશે.

## અવસાન નોંધ

**બાબરા :** ઠા.સ્વ.રતિલાલભાઈ લક્ષ્મણભાઈ પોપટના પુત્ર કિશોરભાઈ (ઉ.વ. ૬૮) તેઓ સ્વ. ચંદુભાઈ તથા હસુભાઈ, લલીતભાઈ રાજુભાઈના ભાઈ તથા કેતન, ધવલ, પૂજાના પિતા તથા રાજપરા (ઠાંગાનું) નિવાસી હાલ રાજકોટ સ્વ. હરિલાલ ત્રિભોવનદાસ કોટકના જમાઈ તથા સ્વ. રાજુભાઈ તથા ભરતભાઈના બનેવીનું તા. ૩૧/૭/૨૫ ના રોજ અવસાન થયું છે. તેમનું ઉઠમણું તથા પિયર પક્ષની સાદડી તા. ૧/૮/૨૫ સાંજે ૪ થી ૫ લુહાર મહાજન વાડી, નાગરિક બેંક ચોક, બાબરા ખાતે રાખેલ છે.

# અમરેલી જિલ્લાનાં કૃષિ સંલગ્ન અધિકારીઓને રાજયપાલ આચાર્ય દેવવ્રતએ માર્ગદર્શન આપ્યુ






રાજયપાલ આચાર્ય દેવવ્રતજીએ વિડીયો કોન્ફરન્સના માધ્યમથી અમરેલી જિલ્લા સહિતના કૃષિ સંલગ્ન અધિકારી–કર્મચારીઓને પ્રાકૃતિક કૃષિ અભિયાનને તેજીથી આગળ વધારવા માટે માર્ગદર્શન આપ્યુ હતુ. રાજયપાલએ પ્રાકૃતિક કૃષિના વિવિધ આયામોની છણાવટ કરતા જિલ્લાના ખેડૂતોને પ્રાકૃતિક કૃષિના મોડલ ફાર્મની મુલાકાત કરાવવા અને ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ ઉત્પાદનોના વેચાણ માટે જરૂરી માર્કેટ મળી રહે તે સંદર્ભે પણ દિશાનિર્દેશો આપ્યા હતા. આ સાથે રાજયપાલએ પ્રાકૃતિક કૃષિના અભિયાનને આગળ વધારતામાં સહભાગી બનેલા કર્મયોગીઓને પણ પ્રોત્સાહિત કર્યા હતા. રાજયપાલનું પ્રેરક માર્ગદર્શન મેળવવા અમરેલી કૃષિ વિજ્ઞાન કેન્દ્ર ખાતેથી જિલ્લાના આત્મા પ્રોજેક્ટ ડાયરેક્ટર મહેશ ઝીડ, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર વડા મિનાક્ષીબેન બારૈયા, નાયબ ખેતી નિયામક ભરત પીપળીયા, આત્માના દિલીપ ચાવડા, નાયબ જિલ્લા વિકાસ અધિકારી ચાવડા, ડિસ્ટ્રિક્ટ પ્રોજેક્ટ મેનેજર મુનાફ બાલાપરિયા, અમરેલી નેચરલ ફાર્મિંગ કોલેજના પ્રિન્સિપાલ સ્વપ્નિલ દેશમુખ, રિસોર્સ પર્સન તરીકે વૈશાલીબેન ચાવડા, કન્સલ્ટન્ટ ધ્રુવ દેસાઈ, કૃષિ સખી CPR–કોમ્યુનિટી રિસોર્સ પર્સન સહિતના અધિકારી–કર્મચારી જોડાયા હતા, તેમ આત્મા પ્રોજેક્ટના દિલીપ ચાવડાએ એક યાદીમાં જણાવ્યુ છે.




## વિકસિત અને સમૃધ્ધ ગુજરાતમાં આવેલ આરોગ્ય કેન્દ્રની વાસ્તવિકતા

# લ્યો બોલો : ખાંભાનાં ૩ આરોગ્ય કેન્દ્રમાં ડોકટરની જગ્યા ખાલી

**ડેડાણ સહિતનાં ૨૦ ગામોની જનતાની આરોગ્યની જવાબદારી ધરાવનાર આરોગ્ય કેન્દ્રમાં ૨ તબીબ સહિતનો સ્ટાફ નથી**

**ખડાધારનાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં આયુષ મેડિકલ ઓફિસર સહિતની જગ્યા ખાલી**

**મોટા સમઢીયાળાનાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં પણ આયુષ મેડિકલ ઓફિસરની જગ્યા ખાલી**

**રાજયનાં આરોગ્ય મંત્રીએ તમામ આરોગ્ય કેન્દ્રને તંદુરસ્ત બનાવવા તબીબી સ્ટાફની જગ્યા ભરવી જરૂરી**







તસ્વીર : ભાવિક કલસરિયા-ખાંભા

ખાંભા, તા. ૩૧

અમરેલી જિલ્લાના ખાંભા તાલુકાનું ડેડાણ ગામની ૧૫ હજારની વસ્તી છે. ત્યારે માત્ર એક જ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર છે અને આ આરોગ્ય કેન્દ્ર નીચે ૨૦ ગામો આવે છે. ત્યારે આ આરોગ્ય કેન્દ્રમાં બે ડોકટર, બે સુપરવાઈઝર અને બે નર્સ સહિત ફાર્માસીસ્ટની જગ્યાઓ ખાલી હોવાથી પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં દર્દીઓને સારવાર ન મળવાથી પ્રાઈવેટ હોસ્પિટલનો સહારો લેવો પડે છે અને વધુ સારવાર માટે અમરેલી, ભાવનગર, રાજકોટ દર્દીઓને જવું પડે છે.

ડેડાણ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં ડોકટર સહિત સુપરવાઈઝરની ખાલી ખુરશી જ જોવા મળી હતી અને લાઈટ અને પંખા ચાલુ જોવા મળ્યા હતા. લોબેરેટરી રૂમ, ઓપરેશન થિયેટર રૂમ, દવા સહિત મહત્વની સુવિધાઓ અને પાણીનું પરબ જોવા મળ્યું હતું. ત્યારે એમ.બી.બી.એસ. મેડિકલ ઓફિસર, આયુષ મેડિકલ ઓફિસર, બે સુપરવાઈઝર, બે નર્સ અને ફાર્માસીસ્ટ સહિત જગ્યાઓ ખાલી જોવા મળી હતી.

ડેડાણ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં દરરોજની ૧૦૦ આસપાસની ઓપીડી આવે છે પણ ડોકટર સહિત સ્ટાફ જ હાજર ન હોવાથી દર્દીઓ અને રાહદારીઓ રોગચાળાની વચ્ચે ધકા ખાઈ જતા રહેવુ પડે છે અને ના છૂટકે પ્રાઈવેટ હોસ્પિટલમાં દર્દીઓને જવું પડે છે અને મોંઘી ફી ચૂકવી સારવાર લેવા મજબૂરી ઊભી થઈ છે. ત્યારે સરકાર આરોગ્ય માટે લાખો રૂપિયાના ખર્ચ કરે છે અને વાતો કરે છે પણ ડેડાણ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની વરવી વાસ્તવિકતા જુદી જ જોવા મળી હતી અને આરોગ્ય કેન્દ્રમાં

અનુસંધાન પાના ૬ ઉપર

### ૨ ઈસમો દારૂની હેરફેર કરતાં ઝડપાયા

## કુંકાવાવ : વાવડી-જુના બાદલપુર માર્ગ ઉપર કારમાંથી વિદેશી દારૂની ૭૨ બોટલ ઝડપાઈ

**પોલીસે કાર મળી કુલ રૂપિયા ૨.૫૫ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો**

અમરેલી, તા. ૩૧

બોટાદ પંથકના મોટા છૈડા ગામે રહેતા યુવરાજ માણશીભાઈ ખવડ તથા સુરેન્દ્રનગર જિલ્લાના ચુડા તાલુકા ભાણેજડા ગામે રહેતા ઉદયભાઈ જીલુભાઈ ભાંભળા નામના બંને આરોપી તા. ૩૦ રોજ ૩:૪૫ કલાકે વાવડી ગામે નવા-જુના બાદલપુર રોડ પાસે પોતાના હવાલા વાળી ફોરવ્હીલ કાર નં. જી.જે.-૦૧ આર.જે.-૨૬૫૬ વાળા વાહનમાં ભારતીય બનાવટનો વિદેશીદારૂ બોટલની કુલ પુઠાની ૬ પેટીમાં કુલ બોટલો નંગ-૭૨ કિંમત રૂપિયા ૯૩,૬૦૦ના મુદ્દામાલ તથા મોબાઈલ ફોન નંગ-૨ કિંમત રૂા. ૧૨,૦૦૦ તથા ગ્રે-કલરની બીજી ફોર વ્હીલ વાહન નં. જી.જે.-૦૧ આર.જે.-૨૬૫૬ કિંમત રૂા. ૧,૫૦,૦૦૦માં હેરફેરમાં ઉપયોગ કરી કુલ રૂા. ૨,૫૫,૬૦૦નાં મુદ્દામાલ સાથે બંને આરોપીઓ પકડાઈ ગયા હતાં. પોલીસની પુછપરછ દરમિયાન આ ઈંગ્લીશ દારૂ સુરેન્દ્રનગર જિલ્લાના સાયલા તાલુકાના સુદામડા ગામે રહેતા આરોપી દશરથસીંહ ચંદુભા ઝાલા પાસેથી લાવેલ હોવાની હક્કિત જણાવતા પોલીસે આ ત્રણેય સામે ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

### કોઈ અજાણ્યા વ્યકિતનું કારસ્તાન

## બાબરાનાં કોટડાપીઠા ગામનાં ખેડૂત સાથે રૂપિયા ૧.૯૯ લાખની છેતરપીંડી

**ખેડૂતનો ફોન હેક કરી કર્યુ કારસ્તાન**

અમરેલી, તા. ૩૧

બાબરા તાલુકાના કોટડાપીઠા ગામે રહેતા મનુભાઈ મુળજીભાઈ ચોવટીયા નામના ૪૫ વર્ષિય ખેડુતને કોઈ અજાણ્યા વ્યકિતએ ખેડૂતના મોબાઈલ નંબરમાં મેસેજ કરી એ.પી.કે. ફાઈલ મોકલી અને ખેડૂતનો ફોન હેક કરી ગત તા. ૧૭થી તા. ૧૯ દરમ્યાન ખેડૂતના ફોન પે યુ.પી.આઈ.ડી. મારફતે ખેડૂતના બેંક ઓફ બરોડાના ખાતામાંથી અલગ અલગ તારીખે કુલ રૂપિયા ૧,૯૯,૫૦૦ની ખેડૂત સાથે ઓનલાઈન ઠગાઈ કર્યાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

### પોરબંદરનાં મુસાફરને

## સાવરકુંડલાનાં એસ.ટી. ડેપોમાં બસ હડફેટે આવી જવાથી ઈજા

**અકસ્માત બાદ ડ્રાઈવર ફરાર થયા**

અમરેલી, તા. ૩૧

પોરબંદર ગામે આવેલ ત્રીપુટી નાગદેવતા મંદિર આદીત્યાણા રોડ ઉપર રહેતા વિનોદભાઈ ભાનુભારથી મેઘનાથીના ભાઈ જગદિશભારથી ગત તા. ૭/૬ના બપોર ૩:૩૦ વાગ્યે સાવરકુંડલા ગામે આવેલ એસ.ટી. ડેપોની અંદર જતા હતા. તે દરમ્યાન પાછળથી પુરઝડપે અને બેફીકરાઈ રીતે કોઈ અજાણ્યા એસ.ટી. બસના ડ્રાઈવરે તેમના હવાલાની એસ.ટી. બસ જગદિશભારથી સાથે ભટકાવી દઈ તેમને નીચે પછાડી દઈ તેમના ડાબા પગમાં ઘુંટીથી નીચેના ભાગને એકદમ છુંદી નાખી અને ઓપરેશન આવે તેવી ગંભીર ઈજા કરી એસ.ટી. બસના ડ્રાઈવર નાશી છૂટયો હતો.

## શિસ્તબંધ પક્ષની અશિસ્ત સામે આવી બગસરા ભાજપનાં ઉપપ્રમુખ અને મંત્રીએ રાજીનામુ ધરી દીધુ





બગસરા, તા. ૩૧

બગસરામાં ઘણા સમયથી ભાજપ અંદરો અંદરનો વિખવાદ ચરમશીમાએ પહોંચ્યો છે ત્યારે બગસરામાં ભાજપે નવા નવા કાર્યક્રમો જાહેર કર્યા છે ત્યારે હમણાં જ ની જો વાત કરીએ તો મસાલ રેલી નું

અનુસંધાન પાના ૬ ઉપર

### તહેવારીયો જુગાર રમતા હતા

## ખાંભાનાં નાનુડી ગામે જાહેરમાં જુગાર રમતા ૫ પત્તાપ્રેમીઓ ઝડપાયા

**પોલીસે રૂપિયા ૧૦,૧૮૦નો મુદ્દામાલ કબ્જે કર્યો**



અમરેલી, તા. ૩૧

અમરેલી પોલીસ અધિક્ષક સંજય ખરાતએ તહેવારીયો જુગાર રમતાં લોકોને ઝડપી પાડવા ડ્રાઈવ ગોઠવી અમરેલી જિલ્લામાં દારૂ જુગારની પ્રવૃતિ કરતા ઈસમો ઉપર વોચ ગોઠવી તેમના ઉપર સફળ રેઈડ કરવા સુચના આપેલ હોય. જે અનુસંધાને ખાંભા પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ પોલીસ ઈન્સ. આર.જી. ચૌહાણની રાહબરી નીચે ખાંભા પોલીસ સ્ટેશનની ટીમ દ્વારા ચોક્કસ હકિકત મેળવી ખાંભા તાલુકાના નાનુડી ગામે ભાવેશભાઈ કેશુભાઈ વડેચાના રહેણાંક મકાનની પાછળ ખુલ્લી જગ્યામા જુગાર રમતા નાનુંડી ગામે રહેતા ભાવેશભાઈ ઉર્ફે મુન્નો કેશુભાઈ વડેચા, સંજયભાઈ લાખાભાઈ વડેચા, ગભરૂભાઈ જાગાભાઈ ચાવડા, બાબુભાઈ ઉર્ફે ભુપતભાઈ લાખાભાઈ વડેચા તથા જગદીશભાઈ કાબાભાઈ મારૂ સહિત પાંચ ઈસમને રોકડ રકમ ૧૦,૧૮૦ના મુદ્દામાલ સાથે ઝડપી લઈ તેઓની વિરૂધ્ધ જુગારધાર કલમ-૧૨ મુજબ કાર્યવાહી કરેલ છે.













*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)